


કાળચક્ર

₹ ૧૫/-

# પ્રભુ અર્પણ

ડિસેમ્બર - ૨૦૧૬

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

## Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

## કાલ ભગવાન

સંસ્થાઓ, સામ્રાજ્યો, સંસ્કૃતિઓ એ તો કાલને રમવાની લખોટીઓ છે. યુગોના બનેલા પોતાના ભોજનાલયમાં કાલ-પુરુષ બિરાજેલ છે અને પેગંબરો અને સમ્રાટો એના ભોજનની ચટણી છે, જીવન અને મરણ રૂપી રક્તરંગી સુરાનું તે પાન કરી રહ્યો છે. એના મહાલયનું તળિયું આરસથી જડેલું હોઈ કાલ ભગવાનનાં ચરણ આગળ, પુષ્પોની પેઠે, એનાં એ નક્ષત્રો અને તારાગણો વેરાયેલા પડ્યા છે, — જે નક્ષત્રો અને તારાઓ સમ્રાટ નહુષના ગૌરવના, ધ્રુવની તપસ્યાના, યયાતિના દબદબાના સાક્ષીઓ છે, જે નક્ષત્રોએ ટીગલાથ — પીલેસર, સેનાચીરબ અને ઈજીપ્તના ફારાઓને જોયા છે. કાલ-પુરુષ માનવનાં અશ્રુ અને હાસ્યની મિશ્ર હવાના કેફમાં ચકચૂર બની પોતાને આસને બેઠો છે અને પોતાની લખોટીઓથી રમે છે. એની પાસે બધી જાતની, બધા રંગની લખોટીઓ છે, — કેટલીક ઝાંખી અને ધૂળિયા છે, કેટલીક અનેક રંગની ઝલકવાળી છે, તો કેટલીક શ્વેત, — સફેદ પારેવાની પાંખ જેવી શુદ્ધ છે. પણ કાલ-પુરુષ બધી લખોટીઓ વડે સમાન ભાવે રમે છે અને જ્યારે તેમનું કાર્ય પતી જાય છે ત્યારે એ બધીને, સરખી ઉદાસીનતાપૂર્વક, તે દૂર ફેંકી દે છે.

શ્રી અરવિન્દ

(વિચારરત્નો અને જ્યોતિઝાંખી : ૨૪)

કલિયુગના પ્રથમ પાંચ હજાર વર્ષો — પુરાણા સત્યયુગના છેવટના વિનાશ માટે જે વર્ષો જરૂરી હતાં — તો પૂરાં થઈ ગયાં છે. વધ્યે જતી ગતિ અને લય સાથે સમગ્ર પૃથ્વી ઉપર ધસી આવતી નબળાઈઓ અને હિંસા, સ્ખલન અને અજ્ઞાન તથા વિસ્મૃતિએ આપણે માટે આ કાર્ય કરી આપ્યું છે. પ્રથમ કલિ-સત્યનું પ્રભાત પ્રાકટ્ય માટે તૈયાર છે, એની પ્રથમ રંગઝાંય ઝાંખી ઝાંખી દૃશ્યમાન થઈ રહી છે..... જ્યારે વિનાશ થાય છે ત્યારે રૂપો વિનાશ પામે છે, આત્મા નહિ.... જૂનો સત્યયુગ જે મૃત થયો છે તે નૂતન સત્યયુગ — જે જન્મવનો છે — ના સત્યથી અલગ ન હતો. કારણ સત્ય જ હંમેશાં પોતાની જાતને પુનઃ સ્થાપિત કરતું હોય છે તથા ટકી રહેતું હોય છે.

શ્રી અરવિન્દ

(CWSA 12 : 56-57)

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

ડિસેમ્બર - ૨૦૧૬ વર્ષ : ૦૨ અંક : ૧૨

# અનુક્રમ

**કાળચક્ર**


| | |
|---|---|
| કાળ – વિનાશકર્તા | ૯ |
| કાળનાં મોજાંઓ | ૧૫ |
| જીવનનું કુરુક્ષેત્ર | ૨૦ |
| કાળમાં પ્રભુની ગતિવિધિ | ૨૬ |
| ભવિષ્યની ઝાંખીઓ | ૨૮ |

*

| | |
|---|---|
| વૃત્ત વિશેષ | ૪૦ |


**તંત્રી નોંધ :** કાળ એક કોયડો છે. અને અહીં સર્વ વસ્તુઓ ઉપર એની જ હકૂમત ચાલતી હોય એમ લાગી રહ્યું છે. અલબત્ત, ગહન દર્શન મુજબ કાળ એ શાશ્વતનું કરણ માત્ર છે. એક, અનંત ઈશ્વર બળોની જટિલ લીલા દ્વારા અનેક ભૂમિકાઓએ પોતાનો આવિર્ભાવ કરે છે અને એમ કરીને અનેક વિશ્વોનું એ સર્જન કરે છે. એ પ્રત્યેક વિશ્વમાં કાળ અને અવકાશમાં અલગ અલગ સ્વરૂપો હોય છે. સર્જન, પોષણ અને વિનાશનું પુનરાવૃત્ત થતું રહેતું વ્યક્તિગત અને સામૂહિક ચક્ર ચાલતું રહે છે. આમ વિશ્વલીલાનો એક લય છે, એમાં તાલબધ્ધતા રહેલી છે. આપણી સપાટી પરની દૃષ્ટિને દેખીતી રીતે 'અર્થહીન' લાગતી આ લીલાની પૂઠળે, એ લીલાને ટેકો આપી રહેલી શાશ્વતની લયબદ્ધતાઓ રહેલી હોય છે. એ લયબદ્ધતાઓ વિશ્વને એની સમગ્રતા તેમ જ પૂર્ણતા પરત્વેની કૂચમાં આગળ લઈ જતી હોય છે. ઈશ્વરનું નૃત્ય – ક્યારેક ભયંકર અને ઉગ્ર, તો ક્યારેક આનંદદાયી અને પ્રહર્ષણપૂર્ણ – વ્યક્તિઓના તથા રાષ્ટ્રોના અને સંસ્કૃતિઓનાં ભાગ્ય અને ભાવિની દિશાને પલટાવી દેતું હોય છે. ક્યારેક એને ઉથલાવી નાખતું હોય છે. વૈશ્વિક નૃત્યકાર જેમ જેમ પોતાના તાલ અને લય બદલતા રહે છે તેમ તેમ સામાન્ય માનવીઓ અને સમર્થ રાજવીઓ, સુંદર રીતે પાંગરતાં પુષ્પો, ભિન્ન ભિન્ન સૂર્યો અને આકાશગંગાઓ ઉદય પામતી જાય છે તથા ખરી પડે છે. જન્મ પામે છે અને મૃત્યુ પામે છે. આ અંકમાં કાળના રહસ્ય ઉપર પ્રકાશ પાથરતાં શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં લખાણો અમે પ્રકાશિત કરી રહ્યાં છીએ.




શ્રી અરવિન્દ

# The Cosmic Dance

**The Cosmic Dance**
(Dance of Krishna, Dance of Kali)
Two measures are there of the cosmic dance.
Always we hear the tread of Kali's feet
Measuring in rhythms of pain and grief and chance
Life's game of hazard terrible and sweet.
The ordeal of the veiled Initiate,
The hero soul at play with Death's embrace,
Wrestler in the dread gymnasium of Fate
And sacrifice a lonely path to Grace,
Man's sorrows made a key to the Mysteries,
Thuth's narrow road out of Time's wastes of dream,
The soul's seven doors from Matter's tomb to rise,
Are the common motives of her tragic theme.
But when shall Krishna's dance through Nature move,
His mask of sweetness, laughter, rapture, love ?

*

## Shiva

On the white summit of eternity
A single Soul of bare infinities,
Guarded he keeps by a fire-screen of peace
His mystic loneliness of nude ecstasy.
But, touched by an immense delight to be,
He looks across unending depths and sees
Musing amid the inconscient silences
The Mighty Mother's dumb felicity.
Half now awake she rises to his glance;
Then, moved to circling by her heart-beats' will,
The rhythmic worlds describe that passion-dance.
Life springs in her and Mind is born; her face
She lifts to Him who is Herself, until
The Spirit leaps into the Spirit's embrace.

CWSA 2 : 590, 609 — Sri Aurobindo

## વિશ્વ નૃત્ય

(કૃષ્ણનું નૃત્ય, કાલિનું નૃત્ય)

રહ્યાં છ દ્વય માપ આ જગત-નૃત્ય કેરાં મહા.
સદાય સુણીએ અમે પગલી કાલિના પાદની
અદૃષ્ટ ગતિ, શોક ને દરદ-છંદમાં માપતી
મહા રમત ઘોર જીવનની ભીષણા અને મૃદુ
પરીક્ષણ સુઘોર દીક્ષિત સુગૂઢનું જે બને,
રહે રમત વીર આત્મ રચી મૃત્યુ-આશ્લેષ શું,
રહ્યો ઝુઝત મલ્લ ઘોર વિધિના અખાડા મહીં,
અને પ્રભુ-કૃપા પ્રતિ પથ એકેલ બલિદાનનો.
કર્યાં દુઃખ મનુષ્યનાં સહુ અગમ્યની ચાવી શાં,
અને સમયનાં વૃથા સ્વપનમાંથી પથ સાંકડો સત્યનો,
રહેલ ત્યહીં સપ્ત દ્વાર જડતત્ત્વની કબ્રમાંથી ઉઠવા જ
હા આત્મને,
રહ્યા છે નિત કાલિની કરુણ કૂહાનીના હેતુઓ.
કદા પ્રકૃતિમાંથી કિંતુ નૃત્ય બનશે જ હા કૃષ્ણનું,
ધરી મધુરતા, મુદા, પ્રણય, હાસ્યનું ગુંઠન.

**(દક્ષિણા : ૨ : પૃ. ૪૪૫)** **અનુ. સુન્દરમ્**

## શિવ

મહા ધવલ શૃંગ પે પરમ શાશ્વતીના ત્યહીં
વસંત બસ આત્મ એકલ નર્યાં જ આનંત્યનો,
અને નિજ અનન્યતા અગમ, નગ્ન આનંદની,
સુસાવધ, પ્રશાંતિના અગમ-પટ્ટથી રક્ષણો.
અહો, પણ સ્ફુરંત કો પરમ મોદ નૈજાત્મ્યનો,
રહે નિરખી એ અનંત અવકાશ વીંધી નીચે,
અને લહત ત્યાં અચિત્ અરવતા વિષે ધ્યાયતી
વિરાટ જગદંબનો શબદહીન આનંદ ત્યાં.
ઝિલી દગ-પ્રપાત એ અરધ-જાગૃતા ઊઠતી,
અને જગત એહના હૃદય-સ્પંદ-સંકલ્પથી
ચઢ્યાં ભ્રમણમાં રચે પરમ રાગનાં નર્તન.
સ્ફુરે ધબક પ્રાણ કેરી, મન જન્મતું એહમાં,
રહે નિરખી એ ત્યહીં જ શિવ-રૂપ પોતાનું જે,
અને ઉછળી આત્મ આત્મતણી હા ભુજામાં ઢળે.

**(દક્ષિણા : ૨ : પૃ. ૩૬૫)** **અનુ. સુન્દરમ્**

# વાસુદેવઃ સર્વમ્ ઈતિ

**વાસુદેવઃ સર્વમ્** (૭.૧૯) એ વાક્યનો અર્થ ઉપર જણાવ્યો તે પ્રમાણે થાય છે. આ વિશ્વ છે તે સઘળું વાસુદેવ છે. વિશ્વમાં છે તે સઘળું અને વિશ્વથી પણ વધારે છે તે બધું ય વાસુદેવ છે. સૌથી પ્રથમ ગીતા એ પરમાત્માની વિશ્વાતીત સત્-તા ઉપર ભાર મૂકે છે. જો એમ ન કરે તો આપણું મન એનો ઊંચામાં ઊંચો ઉદ્દેશ સાધવો ચૂકી જાય અને કેવળ વિશ્વરૂપ પ્રત્યે જ દૃષ્ટિ કરતું રહે. અથવા તો વિશ્વની અંદર પ્રભુની કોઈ અપૂર્ણ, આંશિક અનુભૂતિ પ્રત્યે આસક્ત બની રહે. પરમાત્માના વિશ્વાતીત સ્વરૂપ પછી ગીતા પ્રભુના વિશ્વરૂપના ઉપર ભાર મૂકે છે. એની અંદર આ સઘળું વિશ્વ ગતિ કરે છે. આ સમગ્ર વિશ્વના વિરાટ પ્રયત્નની સકારણતા એ વિશ્વરૂપ પરમાત્મામાં રહેલી છે. એ વિશ્વરૂપની વિશ્વચેતના એક અતિ વિશાળ, અફાટ આધ્યાત્મિક આત્મસંજ્ઞા છે, જેમાં એ પરાત્પર દેવાધિદેવ પોતાની જાતને કાલ-પુરુષ તરીકે જુએ છે અને પોતાનાં વૈશ્વિક કાર્યોને સાધે છે. ત્યાર પછી, ગીતા એક પ્રકારનો સંયમિત આગ્રહ કરીને વ્યક્તિરૂપ માનવ-દેહમાં વ્યક્ત થનાર પ્રભુનો સ્વીકાર કરવાની સૂચના કરે છે. અલબત્ત, સર્વ ભૂતોમાં એક જ પ્રભુ વ્યાપીને રહેલો છે એ સત્ય તો આપણે સ્વીકાર્યું છે; એટલે માનવની અંદર નિવાસ કરીને રહેલા પ્રભુનો સ્વીકાર કરવામાં ન આવે તો વ્યક્તિના જીવનમાં જે દિવ્ય સાર્થકતા રહેલી છે તે તો આપણે ગુમાવીશું, — આપણા અંતરમાં રહેલી ઊંચામાં ઊંચી આધ્યાત્મિક શક્યતા સિદ્ધ કરવા પાછળ જે સૌથી સમર્થ બળ રહેલું છે તેનાથી આપણે વંચિત રહીશું; એટલું જ નહિ પરંતુ વ્યક્તિના આત્માનો માનવજાતિની અંદર પ્રગટ થતા વિશ્વાત્મા જોડેનો જે સંબંધ છે તે ઘણો ક્ષુદ્ર, મર્યાદિત અને અહંપ્રધાન બની રહેશે. છેવટે, વિશ્વમાં રહેલી સઘળી વસ્તુઓમાં પ્રભુની દિવ્યતાનો આવિર્ભાવ થઈ રહ્યો છે એ વસ્તુના ઉપર ગીતા, ઘણો વિસ્તાર કરીને, ભાર દે છે. અને અહીં જે કાંઈ પ્રગટ થાય છે તેનું મૂળ દેવાધિદેવ પરમાત્માની દિવ્ય પ્રકૃતિમાં, તેની શક્તિ અને જ્યોતિમાં રહેલું છે એવું પણ કહે છે. પ્રભુનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે એ પ્રકારનું દિવ્ય દર્શન થવું આવશ્યક છે. એ જ્ઞાનના ઉપર અર્જુનના સમગ્ર સત્-સ્વરૂપનું સર્વાંગીણ વલણ તથા તેની પ્રકૃતિની ગતિનું વલણ અવલંબે છે. એ દિવ્ય દર્શનના ઉપર આધાર રાખીને જગતમાં પ્રભુની દિવ્ય શક્તિ કાર્ય કરી રહી છે તેનો માનવ સ્વીકાર કરે છે તથા દિવ્ય કર્મના ઢાળમાં પોતાના માનસની અને તપઃશક્તિની સંકલ્પશક્તિની પુનર્ઘટના કરવાની શક્યતા પણ એને લઈને જ તે સેવી શકે છે. એનાં કર્મોનો પ્રારંભિક આદેશ પરાત્પરમાંથી આવે છે, એનો ઉદ્દેશ વૈશ્વિક હોય છે અને વ્યક્તિ એ એની અભિવ્યક્તિનું કરણ બને છે.

(ગીતાનિબંધો : ૩૭૬-૭૭)

# કાળ - વિનાશકર્તા

### કુરુક્ષેત્રનું મહાન યાદગાર દર્શન

શ્રીકૃષ્ણ સમયની ધીરી પ્રક્રિયા રૂપે પોતાનો આવિર્ભાવ કરતા નથી; એ પોતાનો આવિર્ભાવ કરે છે એવા કાળ દેવતા રૂપે જે દશકાઓથી કાળજીપૂર્વક તૈયાર કરાયેલા કાર્યને એક ક્ષણમાં સિદ્ધ કરી દે છે. અર્જુન સમક્ષ કૃષ્ણ આ સ્વરૂપે પ્રકટ થાય છે. સર્વ કંઈ અનિવાર્ય રીતે કુરુક્ષેત્રના વિનાશ પ્રતિ ગતિ કરી રહ્યું હોય છે. માણસો એ જાણતા ન હતા : એ ભારે સંકટને ટાળવા માટે જે લોકોએ શક્ય એટલા પ્રયત્નો કર્યા હોત, બધું કરી છૂટ્યા હોત તે જ લોકોએ પોતાની સક્રિયતા કે અક્રિયતા દ્વારા એ સંકટને આવવા દીધું. જે લોકોને સંકટનો ખ્યાલ આવી ગયો હતો તેમણે ભાવિનાં ચક્રોને અટકાવવાના પ્રયત્નો કર્યા; શ્રીકૃષ્ણ જાતે, જે નિષ્કામ કર્મયોગી છે (જે પોતાનાં કાર્યો પરિણામની પરવા કર્યા વગર કરે છે) તે હસ્તિનાપુર એક નિરાશ એલચી રૂપે જાય છે. પરંતુ કાળ દેવતા કશાની પરવા કરતા નથી અને પોતાને જે કરવાનું હોય છે તે કરીને જ રહે છે. અને એ યુદ્ધ થઈ ગયા પછી જ માણસો એ જોઈ શક્યા કે જે રીતે નદી સાગર પ્રતિ વેગપૂર્વક વહેતી હોય છે, પતંગિયું જે રીતે મીણબત્તીની જ્યોત પ્રતિ આકર્ષાતું હોય છે તે જ રીતે સર્વે ભવ્ય, શક્તિશાળી, ઘમંડી ભારતીય વિશ્વ, એના રાજવીઓની જમાત સહિત તેમ જ એનાં શસ્ત્રો, રથો અને ગંજાવર સેનાઓ સહિત વિનાશકર્તાના ખુલ્લા મુખમાં પ્રવેશી એના સમર્થ જડબાઓમાં, પીસવા આતુર એવા દાંતો વચ્ચે કચડાવવા માટે ધસી રહ્યાં હતાં ! શાશ્વતની લીલામાં એવી ગતિઓ હોય છે જે ભયંકર હોય છે અને એવી પણ ગતિઓ હોય છે, જે મધુર અને સુંદર હોય છે. વૃંદાવનની રાસલીલા કુરુક્ષેત્રના મૃત્યુના નૃત્ય વગર અધૂરી છે; કારણ પ્રત્યેક વિશ્વની મહાન સંવાદમય ક્રિયાના ભાગરૂપ હોય છે. અને એ ગતિ (ક્રિયા) વિસંવાદમાંથી સંવાદ, ધિક્કાર અને સંઘર્ષમાંથી પ્રેમ અને ભ્રાતૃભાવ, અનિષ્ટમાંથી દુ:ખ અને પાપના રૂપાંતર દ્વારા ઉત્ક્રાંતિની ચરિતાર્થતા તરફ પ્રગતિ કરતી હોય છે. સૌન્દર્ય, આનંદ અને શુભ પ્રતિ ગતિશીલ હોય છે. (CWSA 13 : 30-31)

*

### પ્રગતિની પ્રથમ અવસ્થા-વિનાશ

''આ ધર્મના કાર્યનું ક્ષેત્ર એવું જે કુરુક્ષેત્ર છે — માનવના કર્મનું ક્ષેત્ર છે, તેના ઉપર હું સંહારનો સંકલ્પ લઈને ઊભો છું. આપણે ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે નો પ્રતીકાર્થ એ પ્રમાણે લઈ શકીશું. કાલપુરુષના કાર્યપ્રવાહમાં એક જગદ્‌વ્યાપી સંહારક કાર્ય આવશ્યક બન્યું છે. ભાવિનું દર્શન કરનાર એવો મારો ઉદ્દેશ સર્વ કાળમાં રહેલો છે, અને તે અનિવાર્યપણે, અમોઘપણે, પોતાની સાર્થકતા સાધે છે, તથા કોઈ માનવનો એમાં સહકાર કે અસહકાર એ નિશ્ચિત પરિણામને અટકાવી, બદલી કે ઊલટાવી શકતો નથી. પૃથ્વી ઉપર માનવ કોઈ કર્મનો આરંભ

પણ કરી શકે તે પૂર્વે સઘળું મારી શાશ્વત, સનાતન સંકલ્પરૂપી દૃષ્ટિએ આગળથી કરી રાખેલું હોય છે. કાલરૂપે મારે જૂનાં થઈ ગયેલાં બંધારણોનો અને ઘડતરોનો વિનાશ કરવાનો છે, નવું સમર્થ અને ભવ્ય સામ્રાજ્ય ઊભું કરવાનું છે.

કર્મ કરવાનો આદેશ કાલરૂપે અને વિશ્વપુરુષરૂપે પ્રગટ થયેલ કાલાતીત શાશ્વત પરમાત્મા તરફથી અર્જુનને મળે છે. કારણ કે જ્યારે પરમાત્મા કહે છે, ''હું પ્રાણીઓનો વિનાશ કરનાર કાલ છું,'' ત્યારે એનો અર્થ એવો નથી કે પરમાત્મા કેવળ કાલ-પુરુષ જ છે અથવા તો કાલ-પુરુષનો સમગ્ર સાર કેવળ વિનાશ છે. પણ અત્યારની પ્રવૃત્તિમાં વિનાશ કરવાનો એનો સંકલ્પ છે. વિનાશની અને સર્જનની ક્રિયા હંમેશાં બન્ને એકીવખતે, અથવા તો, એક પછી એક — અનુક્રમે — આવે છે, અને પરસ્પર ગતિનો મેળ રાખે છે. જીવનનો સ્વામી પરમાત્મા વિનાશ કરીને તથા નવનિર્માણનું વિધાન કરીને પોતાનું સંગ્રહનું યાને સ્થિતિરક્ષાનું દીર્ઘ કાર્ય પાર પાડે છે. વળી વધારામાં, વિનાશ એ પ્રગતિની પહેલી શરત છે. આંતર જીવનમાં પણ, જે માણસ પોતાની અંદરનાં અધો પ્રકારની પ્રકૃતિનાં ઘડતરોનો, — બંધારણોનો, — વિનાશ કરતો નથી, તે વધારે મહાન જીવનમાં આરોહણ કરી શકતો નથી. બહારના જીવનમાં પણ, જે પ્રજા, જે સમાજ, કે જે જાતિ પોતાના જીવનના ભૂતકાળનાં બંધારણોનો વિનાશ કરતાં ઘણા લાંબા સમય સુધી ખંચાયા કરે છે તે પોતે જ વિનાશ પામે છે, — અવનતિમાં જઈ પડે છે અને મરણ પામે છે તથા એનાં રોડાંમટોડાંમાંથી બીજી પ્રજાઓ, સમાજો અને જાતિઓ રચાય છે. પ્રાચીન, રાક્ષસી કદનાં પ્રાણીઓનો વિનાશ કરીને માનવે પોતાને માટે પૃથ્વી ઉપર સ્થાન જમાવ્યું છે. રાક્ષસોનો નાશ કરીને દેવતાઓ વિશ્વમાં પ્રભુના ધર્મનું સાતત્ય ટકાવી રાખે છે — જાળવે છે.

(ગીતા નિબંધો : ૪૫૭-૫૮)

### ઉત્ક્રાંતિની કૂચ

સંગ્રામ અને વિનાશના આ નિયમને જે કોઈ માણસ અકાળે — એના સમય પહેલાં — દૂર કરી દેવા પ્રયત્ન કરે છે તે વિશ્વ-પુરુષના વધારે મહાન સંકલ્પની સામે નિરર્થક બાથ ભીડે છે. જે કોઈ વ્યક્તિ પોતાની નિમ્ન પ્રકૃતિની નિર્બળતાને લીધે, એ નિયમથી વિમુખ થાય છે, — જેમ શરૂઆતમાં અર્જુન થયો હતો — તે ખરી સાધુતા નહિ, પરંતુ પ્રકૃતિનાં, કર્મનાં અને જીવન સમગ્રનાં ઉગ્ર સત્યોની સામે મીટ માંડે એવી આધ્યાત્મિક હિંમતની ખામી પ્રગટ કરે છે. એટલા માટે તો અર્જુનની ઘૃણાને ક્ષુદ્ર અને ખોટી દયા તરીકે, અકીર્તિકર, અનાર્ય અને સ્વર્ગમાં ન લઈ જનારી એવી હૃદયની દુર્બળતા તરીકે, આત્માની નપુંસકતા તરીકે વખોડી કાઢવામાં આવી હતી. જ્યારે માનવ પોતાની અંદર રહેલી અમરતાના વધારે મહાન ધર્મની શોધ કરશે ત્યારે જ તે સંગ્રામના અત્યારના નિયમથી પર થઈ શકશે. વિશુદ્ધ આત્માની વધારે ઉચ્ચ ભૂમિકાઓમાં, જ્યાં તે સદાકાળ પ્રવર્તે છે અને જ્યાં તે સ્વાભાવિક રીતે પ્રાપ્ત થવું જોઈએ ત્યાં, એ અમૃતત્વની શોધ કરે છે, અને એની શોધ કરવા માટે મૃત્યુના નિયમના શાસનમાં રહેલા આ

જગતથી તેઓ વિમુખ થઈ જાય છે. એ ઉકેલ વ્યક્તિગત છે અને માનવજાતિની કે જગતની સ્થિતિમાં એથી કશો ફેર પડતો નથી. અથવા એમ કહી શકાય કે એમને પોતાની સમુત્ક્રાંતિની મુશ્કેલીભરેલી કૂચમાં, પ્રગતિ કરવામાં સહાય કરી શકત એવી આધ્યાત્મિક શક્તિથી તેઓ વંચિત રહે છે, એટલો એમની સ્થિતિમાં ફેર પડે છે. (ગીતા નિબંધો : ૪૫૮-૫૯)

### ઢંકાયેલું સત્ય

એવું કાંઈક ગૂઢ તત્ત્વ છે જે જગતના હૃદયને પ્રભુના નામસ્મરણમાં અને તેની સમીપતામાં આનંદ આપે છે, આપણને કાલીના શ્યામ મુખમાં વિશ્વજનનીનું મુખ જોવાને પ્રેરે છે તથા ભયંકર વિનાશની વચ્ચોવચ્ચ પણ આપણને સર્વ પ્રાણીઓના સખાના રક્ષણકારી બાહુઓનું ભાન કરાવે છે, અશુભની અંદર પણ શુદ્ધ અવિકારી કલ્યાણતત્ત્વનાં અને મૃત્યુની અંદર પણ અમૃતત્વના સ્વામીનાં દર્શન કરાવે છે, તે પ્રભુના સાન્નિધ્યની ગહન અનુભૂતિ છે. દિવ્ય કર્મના કર્તા આ રાજરાજેશ્વરના ભયથી રાક્ષસો, અવિદ્યાની ઉગ્ર રાક્ષસી શક્તિઓ, વિનાશ પામતી નાસભાગ કરે છે, પરાજય પામે છે, અભિભૂત થાય છે. પરંતુ સિદ્ધ લોકો પરમાત્માના પ્રત્યેક સ્વરૂપને નમસ્કાર કરે છે, અર્થાત્ જે લોકો પૂર્ણતાને પ્રાપ્ત થયા છે તે લોકો પ્રભુના નામનો મહિમા ગાય છે તથા તેના સત્યમાં પોતાના ચૈતન્યને ધારણ કરે છે. તેઓ પ્રભુના પ્રત્યેક સ્વરૂપની પૂજા કરે છે, તથા પ્રભુના પ્રત્યેક સ્વરૂપની પાછળ કઈ વસ્તુ રહેલી છે, તેનું શું રહસ્ય છે તેનું તેમને જ્ઞાન હોય છે. પરમાત્માનો ભય કોઈને લાગવાની જરૂર નથી. જે માત્ર અશુભ અને અજ્ઞાનનાં તત્ત્વો છે, જેઓ નિશાચરો અને રાક્ષસો છે, જેમનો નાશ થવો જરૂરી છે તે જ માત્ર પ્રભુથી ડરે છે. રુદ્ર-સ્વરૂપ ઉગ્ર છે, પરંતુ તેની સર્વે પ્રવૃત્તિઓનો અને કર્મોનો ઉદ્દેશ પૂર્ણતા પ્રાપ્ત કરાવવા માટે તથા જગતને દિવ્ય જ્ઞાન અને પરિપૂર્ણતા પ્રત્યે લઈ જવા માટે જ હોય છે.

એ વિશ્વરૂપ, પરમાત્માનું એ સ્વરૂપ કેવળ બાહ્ય સ્વરૂપમાં જ સંહારક લાગે છે, આ સર્વે સાંત સ્વરૂપોનો અંત લાવનાર કાલરૂપ દેખાય છે; પરંતુ એના અસલ સ્વરૂપમાં એ વિશ્વરૂપ અનંત છે, વિશ્વના દેવોનો દેવ છે. અને એનામાં સમસ્ત જગત અને તેનાં સર્વ કર્મો સલામતપણે સ્થાપન થયેલાં છે. એ પરમાત્મા આદિ સૃષ્ટા છે, તથા સદા સર્જન કરી રહેલા વિધાતા છે, આપણે જે સર્જક શક્તિના સ્વરૂપને બ્રહ્મા કહીએ છીએ તેનાથી પણ એ પોતે મહાન છે. કારણ કે એ બ્રહ્મા એના વિશ્વરૂપમાં રહેલી ત્રિમૂર્તિમાંનું, સ્થિતિ અને સંહાર એ બેની વચ્ચે સમતુલા જાળવીને સ્થિતિને ટકાવી રહેલ સ્વરૂપોમાંનું એક સ્વરૂપ છે. વાસ્તવિક દિવ્ય સૃષ્ટિ સનાતન છે, શાશ્વત છે. એ સૃષ્ટિ એટલે સાંત પદાર્થોમાં આવિર્ભાવ પામેલી પરમાત્માની અનંતતા છે, જીવોની અસંખ્ય અનંતતાઓમાં તથા એમનાં કર્મોનાં અદ્ભુતમાં, એમનાં સ્વરૂપોની સુંદરતામાં શાશ્વત કાળથી પોતાની જાતને આચ્છાદિત અને છતાં અભિવ્યક્ત કરનાર તે શાશ્વત છે, અક્ષર છે; સત્ અને અ-સત્નું બેવડું સ્વરૂપ ધારણ કરનાર તે છે, આવિર્ભાવને પ્રાપ્ત થયેલ એવો

વ્યક્ત, અને કદી પણ પ્રગટ નહિ થયેલ એવો અવ્યક્ત, જે વસ્તુઓ એક કાળે હતી અને અત્યારે નથી એમ આપણને લાગે છે, જે પદાર્થો આજે છે અને નાશ પામવાને સરજાયેલા છે એમ લાગે છે, જે વસ્તુઓ ભાવિમાં થવાની છે અને થઈને વિનાશ પામી જવાની છે — એ સઘળાંનું સ્વરૂપ ધારણ કરનાર પણ એ શાશ્વત પરમાત્મા જ છે. પરંતુ આ બધાં સ્વરૂપોથી પર એનું પોતાનું સ્વરૂપ ''તે'', ''પરમ'' એવા શબ્દોથી જ વર્ણવી શકાય છે; એ પરમ તત્ સર્વ ક્ષર પદાર્થોને પોતાની એકલ શાશ્વતીમાં ધારણ કરી રહ્યો છે, જેમાં સઘળું સદા વર્તમાન જ હોય છે. એ પરમ પોતાના અક્ષર સ્વરૂપને કાલથી અતીત શાશ્વતીમાં ધારણ કરી રહેલ છે અને આ કાલ અને સૃષ્ટિ એ અક્ષર શાશ્વતીનાં સદા વિસ્તાર પામી રહેલાં સ્વરૂપો છે.

(ગીતા નિબંધો : ૪૬૩-૬૫)

## કલિંગા - વિનાશ અને પુનર્જન્મનો યુગ

સમય અને પ્રભુના તત્કાલીન હેતુ ઉપર એટલું બધું આધારિત હોય છે કે પોતાની મનગમતી ઉટપટાંગ વસ્તુઓ સાથે આપણી જાતને જોડી રાખવાને બદલે પ્રભુનો હેતુ શોધી નાખવો એ આપણા માટે વધારે મહત્ત્વનું છે. કાલ પુરુષ અને મૃત્યુનો દેવ પ્રભુના આ ઘોર કાર્ય માટે પ્રવૃત્ત થયા છે — लोकक्षय कृत् प्रवृद्धः[1] - વિશ્વનો વિનાશ કરવા વર્ધમાન મહાકાળ. અને પ્રભુના આ મહા ભય, એમના સામર્થ્ય અને એમની દુર્નિવારતાને કોણ ખાળી શકે એમ છે ? પરંતુ પ્રભુ જે જગત હતું તેનો વિનાશ કરી રહ્યા છે એટલું જ નહિ; તેઓ સર્જન પણ કરી રહ્યા છે એવા વિશ્વનું, જે ભવિષ્યમાં હશે. અને માટે જ પ્રભુ જેનું સર્જન કરી રહ્યા છે તે શોધી કાઢી એમાં મદદરૂપ થવું એ આપણે માટે વધુ ફાયદાકારક પુરવાર થશે.... અલબત્ત, પ્રભુના આશયને ઓળખવો એ સહેલું નથી અને મોટે ભાગે આપણે હંગામી રચનાઓની જ વધુ પ્રશંસા કરીએ છીએ, જે રચનાઓ આ કુરુક્ષેત્રમાં યુદ્ધ કરતા યોદ્ધાઓ માટે તંબુઓ સમાન હોય છે. આપણે એ તંબુઓને ભવિષ્યના કાયમી નિવાસ તરીકે ગણી લઈએ છીએ.

માટે, પંડિતો જ્યારે સત્ય અને કલિના આચરણ વચ્ચે ભેદ કરે છે ત્યારે તેઓ સાચા હોય છે. પરંતુ આ જ્ઞાનને લાગુ કરવામાં તેઓ મને હંમેશાં પ્રાજ્ઞ કે પંડિતાઈપૂર્ણ લાગ્યા નથી. કાં તેઓ ભૂલી જાય છે કે પછી તેમને એ જ્ઞાન છે જ નહિ કે કલિ વિનાશ અને નવસર્જનનો યુગ છે. જેને હવે બચાવી શકાય તેમ છે જ નહિ એવી જૂની વસ્તુઓને વગર વિચાર્યે વળગી રહેવાનું નહિ, તેઓ કલિવર્જ્ય — કલિયુગમાં ત્યજવા યોગ્ય વસ્તુઓ — ના જડ ચોકઠામાં પુરાઈને પોતાને સલામત માને છે, પણ તેઓ ભૂલી જાય છે કે તેઓ પ્રાચીન સંવાદિતાની નબળાઈઓને નહિ, પણ તેની શક્તિઓને ત્યજી રહ્યા છે. જે કંઈ બચે છે એ તો પરિવર્તનના સમુદ્રના કિનારાઓ ઉપર આપણે ઊભો કરેલો કામચલાઉ મંચ માત્ર છે જે વધુ સ્થાયી વસવાટની રાહ જોઈ રહ્યો છે; અને એ પણ એક દિવસ તો મોજાંની થપાટો તળે તૂટી પડવાનો છે, ડૂબાડી દેતા પાણી તળે અદૃશ્ય થઈ જવાનો છે. વિનાશ માટેનો સમય આવી પહોંચ્યો છે ? અમને લાગે

(૧) ગીતા : અધ્યાય ૧૧ : શ્લોક ૩૨

છે કે આવી પહોંચ્યો છે. એ જળરાશિની થપાટો સાંભળો — કોઈ આક્રમણના તુમુલ કોલાહલ કરતાં વધારે ભયાનક, ધીમું, નિર્દય, ચુપચાપ થઈ રહેલું, જીવનરસ હરી લેતું શોષણ નોંધો — આપણી થાગડથીંગડ્યા અસ્તવ્યસ્ત જર્જરિત ઇમારતના ઢગલે ઢગલા જુઓ. તેઓ ચિચુડા બોલાવતી કટાઈ રહી છે, આઘાતોથી હચમચી રહી છે, તૂટી રહી છે અને ઊંચે ચઢતાં એ વિશાળ મોજાંઓની અંદર  અવાજ વિના કે ઘડાકા સાથે, એકાએક કે ધીમે ધીમે ડૂબી રહી છે.

નૂતન રચના માટેનો સમય શું આવી ગયો છે ? અમે જણાવીએ છીએ : એ સમય આવી ગયો છે. માનવજાતિની એક છેડેથી બીજા છેડાની પ્રવૃત્તિ, આતુરતા અને ઉતાવળ જુઓ, ઝડપથી થતી સંશોધનની ક્રિયા, ઝંખના, ઘડતરની ક્રિયા જુઓ. એક પછી એક થતા અવતાર અને મહાન વિભૂતિઓનું આગમન નિહાળો.... આ સર્વ શું કલિ પછીના પ્રથમ સત્યયુગની સ્થાપનાની નિશાનીઓ નથી ? અત્યાર સુધીના સર્વ અવતારોમાંના મહાન અવતારનું આગમન શું આપણને જણાવતું નથી કે પ્રથમ સત્યયુગની સ્થાપના માટે એ અવતાર થયો છે ?

*

**વસ્તુઓ અન્ય રીતે થઈ શકે છે**

જો દરેક વ્યક્તિ તેની પાસે જેની અપેક્ષા રાખવામાં આવે છે તેને માટે તેનાથી બને તેટલું વધારેમાં વધારે કાર્ય કરે તો કંઈક એવી તક રહે છે કે આપણે એક એવી સુસ્થાપિત અવસ્થાના સોપાને પહોંચીએ જ્યાંથી ઊર્ધ્વગમન પ્રત્યેની ગતિ ચાલુ રાખી શકાય અને તેમ થવા માટે એક વસ્તુનો વિનાશ કરીને બીજી વસ્તુ શરૂ કરવાની જરૂર ન પડે.

એમ બનવું અનિવાર્ય નથી, પણ અત્યાર સુધી તો એમ બનતું રહ્યું છે, એકંદરે જોતાં, મને ખબર નથી કે પ્રકૃતિને એમ કરવામાં ખૂબ મઝા નહિ પડતી હોય...

બન્યું છે એવું કે આપણે આપણો આધાર પ્રકૃતિએ જે કાંઈ કર્યું છે તેના ઉપર રાખવાનો રહે છે, કારણ કે હજી સુધી પ્રકૃતિ જ ક્રિયાશીલ રહી છે. પરંતુ સાથે સાથે આપણે એની કાર્યપદ્ધતિ પસંદ કરતા નથી. માટે જ, એ એક એવી વસ્તુ છે જેને લઈને એક આંતરિક રીતની વિસંવાદિતાની રચના થાય છે (હું કહી શકું કે જાણે કે કોઈ કુટુંબમાં થાય છે તેમ). પરંતુ એને લઈને વસ્તુઓ કાંઈક મુશ્કેલ બને છે. કારણ કે પ્રકૃતિને પોતાની કાર્યપદ્ધતિમાં દખલ થાય તે ગમતું નથી. અને છતાં, જો આપણે તે ઇચ્છે છે તેમ કર્યે જઈએ છીએ તો પછી એની એ વાત આગળ આવે છે, લુપ્ત થઈ જઈને ફરીથી નવેસરથી શરૂઆત કરવાની રહે છે, કારણ કે એ એની રમત છે. એટલે આપણામાં તેને વિનાશ કરતી રોકવાની શક્તિ હોવી જોઈએ. પરંતુ જો જોગાનુજોગ કોઈ એવો સારો રસ્તો મળી આવે કે જેને લઈને પ્રકૃતિને પોતાને એમ કરવામાં રસ પડે અને તેથી એ આપણી સાથે સહકારપૂર્વક કાર્ય કરે તો, એનો સહકાર મળી આવે તો સફળતા મળવી શક્ય બને.

સાચું કહીએ તો જે કરવાની જરૂર છે તે એટલું જ કે પ્રકૃતિને સમજાવવી કે તેની કાર્યપદ્ધતિ કરતાં અન્ય પદ્ધતિથી પણ કાર્ય થઈ શકે છે.    (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૩૬૬-૬૭)



શ્રી અરવિન્દ

# કાળનાં મોજાંઓ

**આદિ કે અંત જેવું કંઈ છે જ નહિ**

આ વિશ્વ એ એક લાંબા વખત સુધી પુનરાવર્તન પામતું દશાંશ છે, અને બાહ્ય તેનો પૂર્ણાંક છે, સમયનો ગાળો આદિ અને અંતવાળો હોય તેમ લાગે છે. પરંતુ અપૂર્ણાંક સનાતન છે, એને કદી અંત નથી અને કદી કોઈ સાચી રીતનો આરંભ નથી.

વસ્તુઓના આદિ-અંત તો આપણી અનુભૂતિના રૂઢિબદ્ધ શબ્દો જ માત્ર છે. તેમના સાચા અસ્તિત્વમાં, આ શબ્દોની કોઈ વાસ્તવિકતા નથી, આદિ કે અંત કશું છે જ નહિ.

આપણે શબ્દો વાપરવા પડે છે પરંતુ તત્ત્વતઃ વસ્તુ પકડાતી નથી, આપણે જેને ''શાશ્વત તત્ત્વ'', ''પરમ'', ''પ્રભુ'' કહીએ છીએ તેને કોઈ આદિ કે અંત નથી, આપણને એમ કહેવાની ફરજ પડે છે કે ''તે છે'', પરંતુ એ વસ્તુ એવી નથી. કારણ એ તો અનાવિર્ભાવ અને આવિર્ભાવ બંનેથી પર વસ્તુ છે. આપણે આવિર્ભાવમાં રહ્યા એ વસ્તુને સમજી કે જાણી શકીએ તેમ નથી. પરંતુ એ તત્‌ની કોઈ એવી વસ્તુમાં આવિર્ભાવ થાય છે જેની શરૂઆત અને અંત હોય છે. ફક્ત ''અંત આવવાના'' બે માર્ગ છે. એક માર્ગમાં વસ્તુનો નાશ થતો જણાય છે, વસ્તુઓ હતી ન હતી થઈ જતી જણાય છે, જ્યારે બીજો માર્ગ રૂપાંતરનો છે; અને એમ લાગે છે કે જેમ જેમ આવિર્ભાવ વધુને વધુ સંપૂર્ણ થતો જાય છે, તેમ તેમ વિનાશની જરૂરિયાત ઓછી થતી જાય છે અને એક સમય એવો આવે છે કે જ્યારે એ અદૃશ્ય થઈ જાય છે અને એનું સ્થાન એક પ્રગતિશીલ રૂપાંતર લે છે. આ એક તદ્દન બાહ્ય અને મનુષ્યની રીતે કથન કરવાની રીત છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૦ : ૨૪૯-૫૦)

*

*''હું આ પહેલાં ન હતો અથવા તું આ પહેલાં ન હતો અથવા રાજાઓ આ પહેલાં ન હતા અને હવે પછી આપણે હોઈશું નહિ એ વાત ખોટી છે.'' માત્ર બ્રહ્મ જ નહિ પણ બ્રહ્મમાં રહેલાં પ્રાણીઓ અને વસ્તુઓ પણ સનાતન છે. તેમનું સર્જન અને વિનાશ એ આપણી બાહ્ય ચેતના સાથેની સંતાકૂકડી છે.*

(વિચારરત્નો અને સૂત્રો)

## ધબકાર સહિતનો આવિર્ભાવ

આ આવિર્ભાવનો — ધબકારપૂર્ણ આવિર્ભાવનો મને ઇન્દ્રિયગમ્ય અનુભવ થયો હતો. હું એમ કહી શકું કે એ આવિર્ભાવ ખૂલે છે, સંકોચાઈ જાય છે. ફરી પાછું ખૂલે છે, ફરી સંકોચાય છે... અને એમાં પછી એક એવું બિંદુ આવે છે જ્યારે એ એવી રીતે ખૂલે છે કે પ્રવાહિતા, સ્થિતિસ્થાપકતા, પરિવર્તન પામવાની ક્ષમતા એ પ્રકારની હોય છે કે નવેસરથી ઘાટ પામવા માટે ફરીથી ગરકાવ થઈ જવાની જરૂર રહે નહિ. અને એમ પછી ક્રમિક રૂપાંતર થઈ આવે. થીયોં એમ કહેતા હતા કે આ સાતમું વૈશ્વિક સર્જન છે. અગાઉ છ વખત પ્રલય થઈ ચૂક્યા છે અને આ સાતમું સર્જન છે. અને આ સાતમું સર્જન પ્રલય પામ્યા વગર રૂપાંતરિત થઈ શકવાની શક્યતા રહેલી છે. અલબત્ત, આ વાત પૂર્ણતયા મહત્ત્વની નથી. કારણ, જે ક્ષણે તમે શાશ્વત ચેતના પ્રાપ્ત કરી લો છો ત્યારે પછી વસ્તુઓ આ મુજબ આકાર લે કે બીજી રીતે, તેનું સહેજ પણ મહત્ત્વ રહેતું નથી ! (Conversations with a disciple : March 4, 1966)

## સર્જનનાં ચક્રો અને પ્રગતિશીલ આવિર્ભાવ

એમ કહેવામાં આવ્યું છે કે સર્જનની પ્રક્રિયામાં, સર્જનની ક્રિયા પછી તેને સાચવી રાખવાની ક્રિયા આવે છે, અને છેવટે વિઘટનની અથવા વિનાશની ગતિ આવે છે. ઘણીવાર એમ કહેવામાં આવ્યું છે કે જેનો પ્રારંભ હોય છે તેનો અવશ્ય અંત આવે છે.

હકીકતમાં આપણા વિશ્વના ઇતિહાસમાં છ ક્રમિક સમયગાળાઓ છે, જેમની શરૂઆત સર્જનથી થાય છે, જેમને સાચવવાની શક્તિ વડે લંબાવવામાં આવ્યા હતા અને છેવટે તેમનું વિઘટન, વિનાશ થાય છે, તે પોતાના ઉદ્‌ભવસ્થાન પ્રત્યે પાછા જાય છે; જેને પ્રલય કહેવામાં આવે છે. તેથી આ પરંપરા રચાઈ છે. પણ એમ પણ કહેવામાં આવ્યું છે કે સાતમું સર્જન એક પ્રગતિકારક સર્જન હશે, અર્થાત્ સર્જનના પ્રારંભ બિંદુ પછી તેને સાચવી રાખવાના ક્રમને બદલે એક એવો પ્રગતિમય આવિર્ભાવ થશે કે જે ભગવાનને વધુને વધુ અભિવ્યક્ત કરશે, જે કારણે, વિઘટન અને મૂળ ઉદ્‌ભવસ્થાનમાં પ્રલય જરૂરી નહિ હોય. એમ જાહેર કરવામાં આવ્યું છે કે આપણે જે સમયમાંથી પ્રસાર થઈ રહ્યાં છીએ તે સાતમો યુગ છે, જેનો પ્રલય નહિ થાય પણ જેમાં સતત પ્રગતિ થતી રહેશે, કારણ કે તે સૃષ્ટિમાં દિવ્ય આદિકારણનું વધુને વધુ પરિપૂર્ણ પ્રગટીકરણ હશે.

શ્રી અરવિન્દ કહે છે કે સતત પ્રગટીકરણ ચાલુ રહેશે, અર્થાત્ પરમાત્મા તે પ્રગતિશીલ સૃષ્ટિમાં વધુને વધુ પરિપૂર્ણ રીતે પ્રગટ થશે. આ પ્રગતિનો સ્વભાવ પ્રલયને બિનજરૂરી બનાવી દેશે. જે પ્રગતિ કરતું નથી, તે બધું અદૃશ્ય થઈ જાય છે; તેથી ભૌતિક શરીરો મરી જાય છે, કારણકે તેઓ પ્રગતિશીલ હોતાં નથી. અમુક ક્ષણ સુધી જ તેઓ પ્રગતિ કરતાં રહે છે, પછી તેઓ ત્યાં અટકી જાય છે, ઘણી વાર તેઓ અમુક સમય સુધી સ્થિર રહે છે અને પછી ક્ષીણ બનવા માંડે છે અને પછી, અદૃશ્ય થઈ જાય છે. તેનું કારણ એ છે કે અત્યારનું પદાર્થતત્ત્વ પૂરતું

સ્થિતિસ્થાપક નથી, કે જેથી તે સતત પ્રગતિ કરી શકે. પણ શરીરને પરિપૂર્ણ કરવા માટે તેને પૂરતું સ્થિતિસ્થાપક બનાવવું એ અશક્ય નથી, જો તેમ કરવામાં આવે, તો તેને વિઘટનની, મૃત્યુની જરૂર ન રહે.

તે ત્યારે જ સિદ્ધ થાય કે જ્યારે અતિમનસનું અવતરણ થાય. અત્યાર સુધી પ્રગટ થયેલી બધી શક્તિઓ કરતાં અતિમનસની શક્તિ વધારે મહાન છે; તે શક્તિ શરીરને એવી સ્થિતિસ્થાપકતા આપશે કે જેથી શરીર સતત પ્રગતિ કરી શકશે, અર્થાત્ દિવ્ય ગતિને તેના પ્રગટીકરણમાં અનુસરશે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : ૨૧૧-૧૨)

## પ્રગતિશીલ વિશ્વ

....એ સિવાય શૂન્યવાદીઓ, નિર્વાણવાદીઓ, માયાવાદીઓ પણ છે; એવા અનેક ધર્મો છે જેમાં એક યા બીજા પ્રકારે ચેતનાના હસ્તક્ષેપને સ્વીકારવામાં આવે છે; આ સિવાય શુદ્ધ વૈદિક સિદ્ધાંત પણ છે જેમાં આ સૃષ્ટિને પરમાત્માનો ક્રમે ક્રમે દૃશ્ય વ્યાપારમાં પરિણમવારૂપ થઈ રહેલો શાશ્વત આવિષ્કાર માનવામાં આવે છે. અને વ્યક્તિઓ પોતાની રુચિ પ્રમાણે પોતાને આ, તે, કે બીજા કોઈ વાદના પક્ષમાં મૂકે છે અને એમાં પણ અનેક સૂક્ષ્મ ભેદો હોય છે. પરંતુ શ્રી અરવિન્દ જેને વધુમાં વધુ પૂર્ણ સત્ય માને છે તે પ્રમાણે, આ પ્રગતિશીલ સૃષ્ટિની માન્યતા પ્રમાણે, આપણે એમ કહેવા પ્રેરાઈએ છીએ કે દરેક મિનિટે જે કાંઈ બને છે તે, તે ક્ષણે થતા સમગ્રતાના આવિષ્કારની શકય તેટલી ઉત્તમ વસ્તુ હોય છે. આ એક તદ્દન તર્કસંગત વાત છે. અને મારું માનવું છે કે એકબીજાથી વિરુદ્ધ મતો ઊભા થવાનું કારણ એ હોય છે કે વ્યક્તિઓ ઓછેવત્તે અંશે આ કે તે તરફ, આ દૃષ્ટિબિંદુ કે તે દૃષ્ટિબિંદુ તરફ વધુ પડતા ઢળેલા હોય છે. જે લોકો કોઈ 'ક્ષતિ' કે 'ભૂલ' ની અંદર ઘૂસી જવાનો અને તેના પરિણામરૂપે આગળ ખેંચતી કે પાછળ ખેંચતી શક્તિઓનો સ્વીકાર કરે છે તે લોકો આ બાબતમાં વિવાદ કરી શકે છે.

પરંતુ આપણે કહેવું જોઈએ કે જે વ્યક્તિ આધ્યાત્મિક રીતે પરમ સંકલ્પ સાથે કે પરમ સત્ય સાથે સંકળાયેલી છે તેને માટે તો જરૂર, દરેક ક્ષણે એની અંગત સિદ્ધિને માટે જરૂરી હોય એવું સારામાં સારું બનતું હોય છે. બધાને માટે એમ જ હોય છે. જે લોકોની દૃષ્ટિ એ હોય છે કે આ વિશ્વ એ પરમાત્માની પોતાની ચેતનાને ઉકેલતા જવાની, પોતાને વિશે આત્મ-સભાન થવાની ક્રિયા છે તે લોકો જ નિરપેક્ષ ઉત્તમતાનો સ્વીકાર કરી શકે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : ૨૪૧-૪૨)

## વિશ્વની ચક્રાકાર ગતિ

એમ કહી શકાય કે આખી સૃષ્ટિ તેના સર્જનહાર સાથે અદ્વૈત પામવા પ્રત્યે ગતિ કરી રહી છે, પણ હકીકત એ છે કે, પ્રથમ તો, સમગ્ર ઉત્ક્રાંતિની ગતિ એક ઊંચે ચડતી નિસરણી જેવી હોય છે. અને આ ચક્રાકાર સોપાનોમાં અસંખ્ય બિંદુઓ હોય છે અને એવા દરેક બિંદુએથી

સીધી લીટીમાં અને ઊર્ધ્વ પ્રત્યે ગતિ સિદ્ધ થાય છે. પરંતુ આપણે એ રીતે એના એ જ બિંદુ આગળ પાછા ફરવા માટે આખુંય વર્તુળ વટાવવું પડે છે અને એમ કરીએ છીએ ત્યારે આપણે એ જ બિંદુએ, પણ એક ઊંચી ભૂમિકા ઉપર પહોંચીએ છીએ.... પરંતુ આખો વખત તમે બીજી વસ્તુઓ કરવામાં મશગૂલ હો છો, બીજાં બિંદુઓએ પહોંચતા હો છો, પ્રથમનું બિંદુ જાણે ભુલાઈ જ ગયા જેવું થાય છે. માનવ-ઈતિહાસમાં આ વસ્તુની છાપ આ રીતની પડે છે.

એક સમયે એક અદ્ભુત સંસ્કૃતિ આવી રહેલી હતી. એમાં વૈજ્ઞાનિક દષ્ટિબિંદુથી જોતાં સર્વ પ્રકારની પેદાશો આવી રહેલી હતી. કલાની, રાજકારણની, સમાજવ્યવસ્થાની અને સંયોજનની દષ્ટિએ પણ એ સંસ્કૃતિ અદ્ભુત હતી. અને એના જેવી અનેક સુંદર સંસ્કૃતિઓ ઊગીને આથમી ગઈ છે અને એમની છાપ ગુહ્ય સ્મૃતિમાં મૂકતી ગઈ છે. ઉદાહરણ તરીકે, ભારત અને આફ્રિકાને જોડનારા એક એવા ખંડની ગુહ્ય સ્મૃતિ રહી ગઈ છે, પણ એના અસ્તિત્વની કોઈ નિશાની બાકી રહી નથી (સિવાય કે અમુક માનવજાતિઓ એ સંસ્કૃતિના બચેલા અવશેષો હોય). એના જેવી અનેક સંસ્કૃતિઓ હોય છે જે એકદમ અચાનક લુપ્ત થઈ જાય છે અને તે પછીનો આખો ઈતિહાસ, તમસ્, અચેતનતા, અજ્ઞાન અને બિલકુલ પશુઓ જેવી પ્રાથમિક અવસ્થાવાળી માનવજાતિઓથી એટલો બધો ભરપૂર હોય છે.... કે આપણને એમ પૂછવાનું મન થાય છે કે, એકંદરે વસ્તુસ્થિતિમાં કાંઈ ફરક પડ્યો કહેવાય કે નહિ ? અને એ અંધકારના યુગમાં એક મોટો ગર્ત આવી રહેલો હોય છે, જેમાં થઈને સર્વ પ્રકારની અવ્યવસ્થાઓ એક પછી એક પસાર થાય છે. અને વળી પાછું અચાનક એક વધુ ઊંચાણવાળા સોપાનની ટોચ ઉપર, વધુ ગુણવત્તાવાળી, વધુ ઉત્તમ રચના પ્રગટ થાય છે... જાણે કે રાત્રીમાં ગાળેલા, રાત્રીના અંધકારમાં કાર્ય કરવામાં ગાળેલા બધા કલાકોને પરિણામે પદાર્થ તત્ત્વને એવી રીતનું તૈયાર કર્યું હોય છે કે જેને લઈને એ કોઈ ઉચ્ચતર વસ્તુની અભિવ્યક્તિ કરી શકે. અને ફરી પાછી અંધાર રાત્રી આવે છે, સર્વ કાંઈ ભૂંસાઈ જાય છે : પૃથ્વી ફરી એક વાર જંગલી, તમોગ્રસ્ત, અજ્ઞાનપૂર્ણ, યાતનાપૂર્ણ બની રહે છે. અને પછી અચાનક, થોડાંક હજારો વર્ષો વીત્યા બાદ એક નવીન સંસ્કૃતિનું આગમન થાય છે....

એટલે તમે એ બધા પ્રત્યે, નીચેની બાજુએથી દષ્ટિ કરશો તો તમને પૂછવાનું મન થશે : 'આમાં પ્રગતિ ક્યાં આવી ?' કારણ કે બને છે જ એવું કે જે કાંઈ સર્જાયું હોય છે તે બધું લુપ્ત થઈ જાય છે, પડી ભાંગે છે, સડી જાય છે, સંપૂર્ણપણે વિનાશ પામી જાય છે — અને ભુલાઈ જાય છે. માનવજાતિ ફરી એક વાર તદ્દન સામાન્ય અવસ્થાવાળી, આકારહીન, અર્ધ તમિસ્રમાં બાથોડિયાં મારતી થઈ જાય છે. અને છતાં ફરી એક વાર અચાનક એક પ્રકાશ પ્રગટ થાય છે. અને જ્યારે આપણે એ પ્રકાશની વચમાં હોઈએ છીએ ત્યારે આપણે કહીએ છીએ, 'હવે, આપણે સાચી વસ્તુ શોધી કાઢી છે, હવે પછી કોઈ પતન નહિ થાય'... અત્યાર સુધી હમેશાં એક પતનનો ગાળો આવતો રહેલો છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૫ : ૩૬૫-૬૬)

*Life is a battle field - The Mother*

શ્રી માતાજી



શ્રી માતાજી

# જીવનનું કુરુક્ષેત્ર

**કુરુક્ષેત્ર**

તો પછી, જે માણસને જગત જેવું છે તેવું સ્વીકારવું પ્રાપ્ત થાય છે, જેને એ જગતમાં કર્મ કરવાનાં હોય છે તથા જેને સાથેસાથે પોતાના અંતરમાં આધ્યાત્મિક જીવન ગાળવાની આ સ્પૃહા પણ જાગ્રત હોય છે તેને કઈ જાતની મુશ્કેલી નડે છે ? જીવનની એવી કઈ બાજુ છે, જીવનનું એવું કયું પાસું છે જે માનવના જાગ્રત થયેલા મનને હચમચાવી મૂકે છે અને વિશ્વ જેવું છે તેવું જોવાની ફરજ પડતાં ગીતાના પહેલા અધ્યાયનું સાર્થક નામ 'અર્જુન વિશાદ' છે તેવો વિશાદ અને નિરુત્સાહ માનવને થઈ આવે છે ? જગતનું એ દૃશ્ય કયું છે જે જોઈને માનવની પોતાની નીતિમત્તાની અને પોતે સાચો છે એ માન્યતાની ભ્રમણાનો પડદો ચિરાઈ જાય છે અને પોતાના અંતરાત્મામાં માનવ કોઈ વધારે ઊંચા પ્રકારનું સમાધાન પ્રાપ્ત કરતો નથી ત્યાં સુધી એની સ્થિતિ એવી ને એવી જ રહે છે ? વિશ્વનું એ દૃશ્ય સ્થૂલ રૂપે આપણીય સામે કુરુક્ષેત્રના સંગ્રામના વિનાશના રૂપમાં મૂર્તિમંત થઈને ઊભું છે. અને આધ્યાત્મિક દૃષ્ટિએ સકળ સૃષ્ટિ ઉત્પન્ન કરનાર, પ્રભુના કાલસ્વરૂપમાં આપણને એ સત્ય દેખાય છે. પોતે ઉત્પન્ન કરેલા લોકમાત્રનો સંહાર કરવાને, માનવોનું ભક્ષણ કરવાને એ કાલ પ્રવૃત્ત થયેલ છે. આ દર્શન એટલે સર્વ પ્રાણીના ઈશ્વરનું સર્જક તરીકેનું જ નહિ પરંતુ સાથેસાથે વિશ્વના સંહારક તરીકેનું પણ દર્શન છે. એના વિશે પ્રાચીન દર્શન એક નિર્દય ઉપમા આપીને કહે છે : 'ઋષિઓ અને વીર પુરુષો એનો આહાર છે અને મૃત્યુ એના આહારનો મસાલો છે, ચટણી છે.' આ બન્ને સ્થૂલ અને સૂક્ષ્મ સ્વરૂપમાં જે સત્યનું દર્શન થાય છે તે એક જ સત્ય છે. પ્રથમમાં સત્ય આડકતરી રીતે અને અસ્પષ્ટપણે જીવનની એક વિશિષ્ટ ઘટનામાં આપણે જોઈએ છીએ. બીજામાં એનું એ દર્શન સીધેસીધું અંતરાત્માનાં ચક્ષુને થાય છે. એ સત્યનું બહારનું સ્વરૂપ જોતાં આપણને વિશ્વજીવન અને માનવજીવન એ બે વસ્તુઓ દેખાય છે અને એ બંને સંઘર્ષ અને વિનાશ વડે પોતાની પ્રગતિ સાધતાં જણાય છે. અંદરથી એ સત્યને જોતાં આપણને જણાય છે કે વિશ્વાત્મા અસીમ સર્જન અને પ્રચંડ વિનાશ એ બંને મારફત પોતાની કોઈ સાર્થકતા સાધી રહેલો છે.

(ગીતાનિબંધો : ૪૫-૪૬)

**યુદ્ધ અને વિનાશ**

સંગ્રામ અને વિનાશ આપણા જીવનના કેવળ પાર્થિવ સ્વરૂપમાં વ્યાપી રહેલ વિશ્વનિયમ છે એટલું જ નથી, પણ આપણા માનસિક અને નૈતિક જીવનમાં પણ એ નિયમ પ્રવર્તે છે. એ તો દેખીતું સત્ય છે કે માનવના માનસિક, સામાજિક, રાજકીય અને નૈતિક વગેરે

જીવનનાં પ્રત્યક્ષ ક્ષેત્રોમાં આપણે સંગ્રામ વગર, કસાકસી વગર સાચી પ્રગતિ પ્રત્યે ડગલું પણ ભરી શકતા નથી : જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં જે વસ્તુઓ અત્યારે છે અને ત્યાં પોતાનું જીવન ટકાવી રહેલી છે, તથા જે વસ્તુઓ જીવનમાં પ્રવેશ કરવા માગે છે, જીવન ધારણ કરવા મથી રહેલી છે, તથા એ બન્નેની પાછળ આવી રહેલ કોઈ પરમ તત્ત્વ જે હોય, એ ત્રણેની વચ્ચે સંઘર્ષ થયા વિના કશી પ્રગતિ સાધી શકાતી નથી. અત્યારે માનવ જેવો છે તથા વસ્તુસ્થિતિ જે પ્રકારની પ્રવર્તે છે તે જોતાં તો પ્રગતિ કરવી, વિકાસ પામવો અને સાથે સાથે જે અહિંસાને આપણી આગળ વર્તનના સૌથી ઊંચા અને સારામાં સારા ધોરણ તરીકે મૂકવામાં આવે છે તેનું સાચી રીતે અને નિર્ભેળપણે પાલન કરવું એ અસંભવિત છે. કોઈ એમ કહેશે કે ''અમે તો કેવળ આત્મબળનો જ પ્રયોગ કરીશું અને સ્થૂળ હિંસાનો આશ્રય લઈને બચાવ કરવા ખાતર પણ કોઈ પ્રકારની હિંસા કદી નહિ કરીએ.'' વારુ, પરંતુ જ્યાં સુધી તમારું આત્મબળ અસરકારક બને નહિ, ત્યાં સુધી તો માનવોમાં અને પ્રજાઓમાં રહેલી આસુરી શક્તિ, આજે વિશ્વયુદ્ધમાં આપણે જોઈ રહ્યા છીએ તેમ, બધાને પગ તળે કચરે છે, ભાંગફોડ કરે છે, ખૂનામરકી કરે છે, બાળે છે, ભ્રષ્ટ કરે છે. અને એ ભયંકર કાર્ય તે કેવી રીતે કરે છે ? નિરાંતે, નિશ્ચિતપણે, વગર બાધાએ. આમ કેવળ અહિંસાનો આશ્રય લઈને પણ બીજાઓ હિંસા વડે જીવનનો જેટલો વિનાશ કરે છે તેટલો જ કદાચ તમે થવા દીધો છે એમ બને; છતાં એમ કહી શકાય કે તમે એક એવા આદર્શની જગતમાં પ્રતિષ્ઠા કરી છે જે આજે નહિ તો એક દિવસ ભાવિમાં વધારે સારી પરિસ્થિતિ પ્રત્યે જગતને લઈ જશે. પરંતુ એ આશ્વાસન પણ સંપૂર્ણપણે સાચું નથી નીવડતું, કારણ કે આત્મબળ પણ જ્યારે અસરકારક બને છે ત્યારે તે પણ વિનાશ કરે છે. જે લોકોએ આત્મબળનો પ્રયોગ પોતાની આંખો ઉઘાડી રાખીને કર્યો છે તેઓ જ જાણી શકે છે કે આત્મબળ તલવાર અને તોપ કરતાં કેટલું બધું કારમું અને વિનાશકારક હોઈ શકે છે. અને જેઓ પોતાના સ્થૂલ કર્મના બાહ્ય સ્વરૂપથી અને તેનાં તાત્કાલિક પરિણામથી પોતાની દૃષ્ટિને મર્યાદિત કરતા નથી તેઓ જ જાણી શકે છે કે આત્મબળના પ્રયોગોની પાછળથી થતી અસરો કેટલી બધી પ્રચંડ હોય છે અને એને લઈને આખરે કેટલું બધું વિનાશ પામી જાય છે. અને સાથે સાથે વિનાશ પામનાર વસ્તુના ઉપર આધાર રાખનાર જીવન પણ વિનાશને પામે છે. અનિષ્ટના ઉપર જ જે જીવી રહ્યું હોય છે તેના મોટાભાગનો વિનાશ કર્યા વિના અનિષ્ટનો પોતાનો નાશ થઈ શકતો નથી. અને આપણે પોતે, અંગત હિસાબે હિંસા કરવાના દુઃખદ અનુભવથી બચી ગયા તેથી કરીને જે વિનાશ થાય છે તે વિનાશ તરીકે ઓછો ઠરતો નથી.

(ગીતાનિબંધો : ૪૯-૫૦)

## કળિનાં બે સ્વરૂપો

ઉપર જણાવી તે બધી દલીલો ઉપરથી કહેવાનો આશય એ નથી કે વિનાશ અને સંહાર એ જ જીવનનું સર્વસ્વ છે. અથવા તો એમ પણ નથી કે એકતા અને સંવાદ યુદ્ધ અને

કલહ કરતાં વધારે મહાન કે ચડિયાતાં તત્ત્વો નથી. અથવા તો પ્રેમ મૃત્યુ કરતાં વધારે દિવ્ય આવિર્ભાવ નથી. વળી પશુબળને દૂર કરીને તેને ઠેકાણે આત્મબળ વાપરવા માટે, અથવા તો, યુદ્ધને ઠેકાણે શાંતિ અને ભક્ષણને બદલે પ્રેમ, અહંતાને સ્થાને સર્વમયતા અને મૃત્યુને બદલે અમરતા પ્રગટાવવા આપણે પ્રયત્ન ન કરવો જોઈએ. પ્રભુ કેવળ રુદ્ર સ્વરૂપ નથી, તે બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર રૂપે વિશ્વની ત્રિમૂર્તિ છે. તે પ્રાણીમાત્રનો સખા છે, એટલું જ નહિ પરંતુ પુરુષોત્તમ સ્વરૂપે તે પરાત્પર છે. ઉગ્રતાવાળી કાલી પોતે જ આપણી સર્વ મંગળમયી માતા છે. કુરુક્ષેત્રનો પ્રભુ પોતે જ રથનો દોરનાર સારથિ છે. માનવ-આત્માનો તે દિવ્ય સખા છે. પ્રાણીઓના હૃદયનું આકર્ષણ કરનાર અવતાર શ્રીકૃષ્ણ છે. જીવનનો ઘોર સંગ્રામ અને કલહો તથા અવ્યવસ્થામાંથી તે આપણને ગમે ત્યાં દોરી જતો હોય, તથા આપણા અંતરનું ગમે તે ઉદ્દેશ્ય કે દેવતા પ્રત્યે આકર્ષણ કરતો હોય તો પણ, આપણે જાણીએ છીએ કે એ બધાં બહારનાં સ્વરૂપો જેના પર આપણે આટલો બધો ભાર મૂકીએ છીએ તેમનાથી પર એવી, આપણને અત્યાર સુધી પ્રાપ્ત નહિ થયેલી એવી, કોઈ દિવ્ય આધ્યાત્મિક અનુભૂતિની ભૂમિકા પ્રત્યે જ તે આપણને લઈ જઈ રહ્યો છે. પરંતુ તે આપણને ક્યાં લઈ જાય છે, કેવી રીતે લઈ જાય છે, કેવા પ્રકારની પરાત્પરતામાં તે લઈ જાય છે, તથા કઈ શરતે તે આપણને દોરે છે એ સઘળું આપણે શોધી કાઢવાનું છે.

એ બધું જાણવું હોય તો તે માટેનું પ્રથમ પગલું એ છે કે આપણે જીવન જેવું છે તેવું બરાબર જોવું જોઈએ, અને શરૂઆતમાં અત્યારની ઘડીએ પ્રભુનું કાર્ય આપણને જેવું દેખાય તેવું જોવું અને તેનું સાચું મૂલ્ય આંકવું જોઈએ. ત્યાર પછી જ તેનો અંતિમ આદર્શ અને એ આદર્શને સિદ્ધ કરવાનો માર્ગ વધારે સારી રીતે આપોઆપ દેખાવા લાગશે. કુરુક્ષેત્રને તો આપણે સ્વીકારવું જોઈએ. અમર જીવન પ્રાપ્ત કરવાનો માર્ગ આપણે શોધી શકીએ તે પહેલાં મરણ વડે જીવન પ્રાપ્ત કરવાના નિયમને આપણે તાબે થતાં શીખવાનું છે. આપણી દૃષ્ટિ આપણે ખુલ્લી રાખવાની છે અને અર્જુન કરતાં પણ ઓછાં આશ્ચર્ય પામેલાં નેત્રો વડે કાળ અને સંહારરૂપ પ્રભુના સ્વરૂપનું આપણે દર્શન કરવાનું છે, તથા વિશ્વસમસ્તના સંહારક પ્રભુનો ઈન્કાર કરવાનો નથી, તેનો તિરસ્કાર કે તેના પ્રત્યે ઘૃણા પણ કરવાની નથી.

(ગીતાનિબંધો : ૫૩-૫૪)

## યોગીઓ પ્રત્યેક વસ્તુમાં શુભનું દર્શન કરે છે.

જે ધીર છે તેઓ પ્રત્યેક બનાવ પ્રતિ નજદીકી દૃષ્ટિ રાખશે, જો એમને તુર્ત કશું દેખાશે નહિ તો એ બનાવના છેવટના હેતુ અને એનો મુદ્દો જે હશે તે વિશે પ્રબુદ્ધતા કેળવાતા સુધી રાહ જોશે અને એમ રાહ જોતી વખતે શાન્તિથી વિચાર કરતા રહેશે અને એમ કરતાં જીવનનો અર્થ એમના મનમાં ઉદય પામે છે. વસ્તુમાત્રનો અનંત હેતુ જાતે પોતાને પ્રકટ કરશે, નાની અને મોટી સર્વ વસ્તુઓમાં, સારા અને ખરાબ બનાવોમાં. સર્વજ્ઞ એવા પરમ કૃપાળુ

પરમેશ્વર  મોટાં શહેરોના વિનાશ કરતા ધરતીકંપમાં તેમ જ હજારો લોકોને બેઘર તથા નિરાધાર બનાવનાર પૂરમાં જેટલા દૃશ્યમાન થાય છે એટલા જ એ એક ચકલી કે કીડીના મૃત્યુમાં પણ દેખા દે છે. રૂદ્ર અને શિવ પોતાને એક રૂપે પ્રકટ કરે છે. યોગી પ્રત્યેક વસ્તુમાં શુભનું દર્શન કરે છે, સર્વ સ્વરૂપોમાં માત્ર નહિ, સર્વ બનાવોમાં એ શુભ જુએ છે. ઈશ્વર જ પૂર છે, એ જ છે ધરતીકંપ, ઈશ્વર જ છે મૃત્યુ જે ઊર્ધ્વ જીવન પ્રતિ દોરી જતું હોય છે. આપણને ઊર્ધ્વ મુદા માટે તૈયાર કરનાર દુઃખ પણ એ જ ઈશ્વર છે. આ વસ્તુ એવી છે જેની દલીલ કરી શકાય નહિ, એનું તો દર્શન થવું ઘટે.  परिपश्यन्ति धीरः (CWSA 13 : 61-62)

## નિર્ણાયક યુદ્ધ

એક વાત સ્પષ્ટ દેખાય છે કે માનવજાતિ એક સામાન્ય તનાવની સ્થિતિએ પહોંચી છે. તેના કાર્યમાં, પ્રયાસમાં, દૈનિક જીવનમાં તનાવ જ નજરે પડે છે. તે જાણે ખૂબ ખૂબ વધારે કાર્યમાં ગૂંથાયેલી રહે છે, વિસ્તૃત ધ્રુજારીમાં જાણે જીવે છે. તે એક એવે તબક્કે આવી પહોંચી છે કે કાંતો તેણે પ્રતિરોધને તોડી ફોડી નાંખીને એક નવીન ચેતનામાં પહોંચી જવું જોઈએ, અને નહિ તો તેણે અંધકારની અને જડતાની ખાઈમાં પાછું ફેંકાઈ જવું જોઈએ.

આ તનાવ એટલો બધો પરિપૂર્ણ અને વિસ્તૃત છે કે કશાકે તો ભાંગી પડવું જ રહ્યું. આમ વધારે વખત ચાલી શકે નહિ. આપણે તેને એક ચોકકસ ચિહ્નરૂપે માની શકીએ કે પદાર્થતત્ત્વમાં કોઈ નવીન શક્તિ, નવી ચેતના પ્રવેશી રહી છે, જે પોતાના દબાણ વડે આ તીવ્ર સ્થિતિને પેદા કરી રહી છે. બાહ્ય રીતે, આપણે એની અપેક્ષા રાખી શકીએ કે પ્રકૃતિ જ્યારે ઊથલપાથલ લાવવા માગે છે, ત્યારે તે આવી કોઈ જૂની પદ્ધતિ અખત્યાર કરતી હોય છે. પણ આમાં એક નવીન લક્ષણ છે, જે માત્ર થોડા આગળ વધેલા લોકોને જ દેખાતું હોય છે. પણ એવા આગળ વધેલા લોકો પણ એક જગ્યાએ રહેલા નથી. આખા જગતમાં, બધા દેશોમાં તેઓ ફેલાઈ ગયેલા છે. તેમનામાં એક નવીન, ઉચ્ચતર, પ્રગતિશીલ ઉકેલ લાવવાનો સંકલ્પ છે; વધારે વિશાળ, સર્વ-સમાવેશક પરિપૂર્ણતા લાવવાનો પ્રયાસ છે.

સામૂહિક પ્રકારના અમુક વધારે વિશાલ, સામાન્ય વિચારો કાર્યાન્વિત કરવામાં આવે છે. જગતમાં તેઓ કાર્ય કરી રહ્યા છે. બંને વસ્તુઓ સાથે સાથે છે : મહત્તર અને વધારે સમગ્ર સંહારની શક્યતા, સંહારના સંકટની શક્યતાને વધારી મૂકે તેવી અવિચારી શોધખોળો. જે સંહાર ભૂતકાળના કોઈ પણ સંહાર કરતાં વધારે ખતરનાક હશે. અથવા તો ઉચ્ચતર અને વધારે વિશાળ વિચારોનો તથા સંકલ્પનાં કાર્યોનો જન્મ અથવા પ્રાદુર્ભાવ, જે પહેલાં કરતાં વધારે વિશાળ, વિસ્તૃત પરિપૂર્ણ ઉપાય લઈ આવશે.

વધારે પરિપૂર્ણ અને દિવ્ય સાક્ષાત્કાર માટે આરોહણ કરતી ઉત્ક્રાન્તિનાં આ રચનાત્મક બળો વચ્ચેનો અને વધારે સંહારક, કાબૂ બહારનાં, પાગલ બનેલાં બળોની વચ્ચેનો આ સંઘર્ષ એટલો બધો સ્પષ્ટ અને દૃષ્ટિગોચર છે કે જાણે તે બળોની વચ્ચે, કોણ ધ્યેયને પહેલું પહોંચશે

તે બાબતની હરીફાઈ ચાલી રહી હોય એમ લાગે છે. એમ લાગે છે કે પ્રાણિક જગતનાં બધાં વિરોધી, અદિવ્ય બળો પૃથ્વી પર નીચે ઊતરી આવ્યાં છે, તેમણે પૃથ્વીને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી દીધું છે; અને તેની સાથે સાથે એક નવીન જીવન પ્રગટાવવા માટે, પૃથ્વી ઉપર એક નવીન, ઉચ્ચતર, વધારે શક્તિશાળી આધ્યાત્મિક બળ પણ નીચે ઊતરી આવ્યું છે. એને લઈને સંઘર્ષ વધારે તીવ્ર, વધારે બળયુક્ત, વધારે દૃષ્ટિગોચર બન્યો છે. અને તે વધારે નિશ્ચયાત્મક બન્યો છે, જેથી આપણે ઉકેલને વહેલો પ્રાપ્ત કરવાની આશા રાખી શકીએ.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૯ : ૨૭૩-૭૪)

### ઈશ્વરની લીલા

વિશ્વને પ્રભુની લીલા કહી છે !

શા માટે ?

શા માટે ? આ એક પ્રકારની કહેવાની રીત છે ! તમને એમ લાગે છે કે આનંદ આવે તેવી આ રમત નથી ? તેવા ઘણા છે જેઓ આમ માનતા નથી (હાસ્ય), જેઓ માને છે કે આ લીલામાં આનંદ આવતો નથી. પણ તેમ છતાં એ એક બોલવાની રીત છે.... વ્યક્તિ તેને વિશે કહે છે — (વિચાર્યા સિવાય) કે તેમાં આનંદ આવે છે — વ્યક્તિ 'શક્તિઓની લીલા' કહે છે, તે એક ગતિ છે, એક પારસ્પરિક ગતિ. બધી જ ગતિઓ શક્તિઓની રમત છે, એટલે કોઈ તેને એ અર્થમાં લઈ શકે. પરંતુ તમે સમજો કે, એનો અર્થ એ કે દિવ્ય બલ, દિવ્ય ચેતના પોતાની બહાર નીકળે છે જેથી વિશ્વનું સર્જન થાય અને વિશ્વમાં શક્તિઓની સમગ્ર લીલા ચાલે. તેનો એ અર્થ છે, બીજો કોઈ અર્થ નહીં. હું તેનો અર્થ કેવળ રમતગમતનાં મેદાનોની રમતો જેવો છે એમ નથી કહેતી, તેના બીજા ઘણા અર્થ થાય. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૬ : ૨૬૦-૬૧)

### સર્વમાં ઈશ્વરની શક્તિ કાર્ય કરતી હોય છે.

સાચું કહું તો દિવ્ય શક્તિ પોતાના કાર્ય માટે સર્વત્ર, માણસોની ભૂલોમાં તેમ જ સદ્ભાવમાં, દુષ્ટ સંકલ્પ દ્વારા તેમ જ અનુકૂળ વસ્તુઓ દ્વારા કાર્ય કરી રહી છે. એવી કોઈ વસ્તુ નથી કે જેમાં સંમિશ્રણ ન હોય, કોઈ પણ જગ્યાએ એવી વસ્તુ નથી કે જેને આપણે સાચી રીતે ભગવાનનું વિશુદ્ધ કરણ કહી શકીએ; ભગવાન કોઈ માણસનો કે કાર્યનો માર્ગ પર આગળ વધવા માટે ઉપયોગ કરે તે કોઈ પણ જગ્યાએ અસંભવિત નથી. એટલે જ્યાં સુધી વસ્તુઓ અનિશ્ચિત છે ત્યાં સુધી ભગવાન લગભગ એકસરખી રીતે સર્વત્ર કાર્ય કરે છે, જો માણસો આમ ખૂબ પાગલ બને, તો તે જુદી વાત છે. જે યુદ્ધમાં અનેક લોકો અને સંકલ્પો ભાગ લે અને પરસ્પર સંહાર કરે એ સાચે જ એક મોટું પાગલપણું છે. હું બૉમ્બની, નગરીના કે લોકોના વિનાશની વાત નથી કરતી. હું ગીતામાં કહેલા સંહારની વાત કરી રહી છું, જ્યારે અસુર આત્મવિનાશ માટે જઈ રહ્યો હોય છે. આ એક મહાન કમનસીબી છે, કારણ કે પાશવી

રીતે સંહાર કરવાની જરૂર પડે તેના કરતાં તે માણસને બચાવી લેવો, પ્રકાશમય બનાવવો, તેનું રૂપાંતર કરવું એ હમેશાં વધારે સારું છે. આ ભીષણ પસંદગી યુદ્ધની સાચી ભીષણતા છે; તેવા ભયંકર યુદ્ધમાં શાન્તિના સમયમાં જેમને બચાવી શકાયાં હોત તેવાં તત્ત્વોનો પાશવી રીતે સંપૂર્ણપણે વિનાશ થાય છે. માત્ર માણસોનો અને વસ્તુઓનો જ નહિ, પણ માણસોની શક્તિઓનો તથા અંતઃકરણનો.

**અત્યારના રાજકારણમાં ભારતને અમુક ખાસ ભાગ ભજવવાનો છે ?**

રાજકારણ ! મેં તમને શરૂઆતમાં જ કહ્યું હતું કે રાજકારણમાં હજી કશું પરિવર્તન થયું નથી. તો પછી તેમાં સાચો ભાગ કેવી રીતે ભજવી શકાય ?

ભારતે જગતમાં એક ભાગ ભજવવાનો છે. પણ તે આદર્શમય છે, જેમાં એક પરિવર્તનની જરૂર છે. અને જે, હું જાણું છું ત્યાં સુધી, હજી આવ્યું નથી. જો ભારત સાચા દિલનું હોય તો ઉપરચોટિયા, બાહ્ય દૃષ્ટિબિંદુથી પોતાનો ભાગ ભજવી શકે છે. હું માત્ર તેટલું જ કહી શકું છું. પણ તેમાં ચોક્કસ જ્ઞાન હોવું એ જરૂરી છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૭ : પૃ. ૩૧૦-૧૧)

*

*એ સિવાય પણ, પૃથ્વી ઉપર જે કાંઈ બને છે તેનાથી તેનો વિકાસ થાય છે. એટલે કે યુદ્ધો પણ હિંમત, સહનશક્તિ, અને નીડરતા પ્રાપ્ત કરવાની તાલીમ આપનારી શાળાઓની ગરજ સારે છે. યુદ્ધોને લઈને, જે ભૂતકાળનો સમય પૂરો થઈ ગયો હોય તે જો પોતાનું સ્થાન છોડીને નવી વસ્તુઓને સ્થાન આપવા માગતો હોય તો પછી કુરુક્ષેત્રમાં એક દમનકારી અને વિનાશક પ્રજાનો નાશ કરીને ન્યાયનું સામ્રાજ્ય સ્થાપવામાં યુદ્ધે સહાય કરેલી તેમ યુદ્ધો પણ વિકાસમાં ઉપયોગી થઈ શકે છે. ભયની હાજરીને લઈને ચેતનામાં રહેલી અત્યંત તામસિક બેફિકરાઈ અને ગાઢ નિદ્રામાં પડી ગયેલી શક્તિઓને યુદ્ધ ઢંઢોળીને જાગ્રત કરે છે. છેવટે, એક વિરોધાભાસ ઊભો કરીને અને યુદ્ધમાં જે ભયંકરતા રહેલી હોય છે તેનો ખ્યાલી આપીને પરિવર્તન માટેના એવા પાશવ અને હિંસક રીતના સાધનને બદલે કોઈ અન્ય પ્રકારનું પરિવર્તનનું સાધન શોધવાને માટે મનુષ્યની દૃષ્ટિને તે ખોલી આપે છે.*

*(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૦ : પૃ. ૫૪-૫૫)*

# કાળમાં પ્રભુની ગતિવિધિ

**મહાકાળ**

સર્વ ગતિવિધિઓમાં, માનવકર્મના પ્રત્યેક મહાન સમૂહમાં સમયનો આત્મા — યુરોપમાં જે Zeitgeist તરીકે ઓળખાય છે અને ભારતમાં કાળ તરીકે, એ કાળ દેવતા — પોતાને અભિવ્યક્ત કરતો હોય છે. આ નામો જ ગહન રીતે સૂચક છે, ખૂબ મહત્ત્વનાં છે. કાલિ, સર્વની જનેતા અને સર્વની વિનાશકર્તા, એવી શક્તિ છે જે માનવજાતિના હૃદયમાં ગુપ્ત રીતે કાર્ય કરતી હોય છે. માનવો, સંસ્થાઓ, અને ગતિવિધિઓના અખંડ પ્રવાહમાં પોતાનો આવિર્ભાવ એ કરતી હોય છે. મહાકાળ, અંતરમાં રહેલું આત્મતત્ત્વ — જેની ઊર્જા એ શક્તિમાં બહિર્મુખ બની વિશ્વની પ્રગતિનો ઘાટ ઘડે છે અને રાષ્ટ્રોનું ભાવિ ઘડે છે એમનું જ પ્રવર્તક બળ સમયમાં ચરિતાર્થ થતું હોય છે. અને એક વખત હિલચાલ શરૂ થાય, અંતર્યામી આત્માનું પ્રવર્તક બળ સક્રિય થાય એટલે સમય અને મા ભગવતી એનો હવાલો સંભાળી લે છે, એને તૈયાર કરે છે, પરિપક્વ બનાવે છે અને ચરિતાર્થ કરે છે.... માનવ મદદ કરે કે પ્રતિરોધ ઉત્પન્ન કરે; પરંતુ કાળ દેવતા કાર્ય કરે છે, આકાર આપે છે, ઘડતર કરે છે, શિરજોરી કરે છે, આગ્રહ સેવે છે.

(CWSA 13 : 29-30)

**કાલિ – શ્રી માતાજીની સામર્થ્યની શક્તિ**

મહાકાલી, મા ભગવતીનાં અદ્ભુત સામર્થ્ય, અવિરોધ્ય એવો આવેગ, એનો લડાયક મિજાજ, કચડી નાખતી સંકલ્પશક્તિ, ભાવનાના આવેગ સહિતની ઝડપ, અને જગતને હલાવી નાખનારી શક્તિને મૂર્ત સ્વરૂપ આપે છે....

*

એ છે મહાકાલી, પરમ સામર્થ્યની દેવી, અને એના જ હાથમાં છે સર્વે શક્તિઓ અને અધ્યાત્મ-બળ તથા ઉગ્રતમ તપોબળ અને સંગ્રામ તથા વિજયનો વેગ, તેમ જ અટ્ટહાસ્ય — પરાજય, મૃત્યુ અને અજ્ઞાનમય શક્તિઓને ક્ષુદ્ર બનાવી દેતું અટ્ટહાસ્ય.

**શ્રી અરવિન્દ**

*

બધા જ વિનાશોની પાછળ, કુદરતના પ્રચંડ વિનાશો, જેમ કે ધરતીકંપો, જ્વાળામુખીઓ, વાવાઝોડાઓ, પૂર વગેરે.... અથવા તો માનવસર્જિત હિંસક વિનાશો, જેમકે યુદ્ધ, ક્રાંતિઓ, બળવાઓ, મેં એ જોયું છે કે કાલિની શક્તિ રહેલી હોય છે, જે શક્તિ પૃથ્વીના વાતાવરણમાં રૂપાંતરની ગતિને ઝડપી બનાવવા કાર્યરત રહેતી હોય છે.

જે કંઈ એના મૂળ સત્ત્વમાં દિવ્ય છે, માત્ર સત્ત્વાંશમાં જ દિવ્ય નહિ, પરંતુ એના આચરણમાં

પણ દિવ્ય છે, એ પોતે દિવ્ય હોવાને નાતે આ બધા વિનાશોથી પર છે, અને એ વિનાશો એને સ્પર્શી શકતા નથી. **આ રીતે જોતાં સંકટની માત્રા આપણી અંદરની અપૂર્ણતાનું માપ દર્શાવતી હોય છે.**

આ પ્રકારના વિનાશો ફરી ફરી થતા અટકાવવા માટેની રીત એ છે કે એ જે પાઠ આપણને શીખવવા માગતા હોય છે એ શીખી લેવો અને જરૂરી એવી પ્રગતિ સાધી લેવી.

*

વિનાશોને આવકારવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. પરંતુ એ (વિનાશ) જે પદાર્થપાઠ શીખવવા આવે છે તે જરૂરથી શીખી લેવાનો.

*

આ સર્જનમાં મહાકાલી દિવ્ય પ્રેમને અભિવ્યક્ત કરે છે. પણ એ પ્રેમ એટલો તો શક્તિશાળી અને એટલો બધો વિશુદ્ધ છે કે મોટાભાગના માણસો એનાથી ભયભીત બની જાય છે.

**શ્રી માતાજી**

(SABCL 25 : 25, CWM 17 : 256, 349 and 374)

*

***બાળક : મધુર માતાજી, હવે તો અતિમાનસ ચેતના પૃથ્વી ઉપર ઊતરી આવેલી છે. એટલે જગતની અત્યારની પરિસ્થિતિમાં પરિવર્તન લાવવા માટે શું યુદ્ધોની જરૂર છે ખરી ?***

***શ્રી માતાજી : એમાં પૃથ્વી ઉપરનાં રાષ્ટ્રોમાં કેટલી ગ્રહણશીલતા છે તેના ઉપર આધાર રહે છે, જો તેઓ નવીન શક્તિઓના પ્રભાવ પ્રત્યે વિશાળ થઈને સત્વરે ખુલ્લાં બને અને જો તેઓ તેમના ખ્યાલો અને કાર્યોમાં પૂરતી ઝડપથી પરિવર્તન લાવે તો યુદ્ધોની જરૂર ન રહે. પરંતુ યુદ્ધ હંમેશાં ઉપર તોળાઈને ભયજનક રીતે ઝઝૂમી રહેલું રહે છે; જે જે કોઈ ભૂલ કરવામાં આવે છે, ચેતનાને જેટલા પ્રમાણમાં તમોગ્રસ્ત થવા દેવામાં આવે છે તેટલા પ્રમાણમાં આ ભય વધી રહે છે. અને છતાં દરેક વસ્તુની બાબતમાં, અંતે તો પ્રભુની કૃપા ઉપર આધાર રહે છે અને આપણે વિશ્વાસ અને સરળતાપૂર્વક ભાવિ પ્રત્યે નજર રાખીને શક્ય તેટલા પ્રમાણમાં ઝડપી પ્રગતિ કરતા રહેવું જોઈએ...***

**(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૦ : પૃ. ૫૫)**

# ભવિષ્યની ઝાંખીઓ

## ભારતીય યોગવિદ્યાનો ઉદય

ભૌતિક બાબતો સતત પુનર્જન્મ પામે તો જ અમર રહી શકે. અત્યારનો આપણો યુગ છે પ્રસૂતિકાળની વેદનાનો. આચાર અને વિચારની રૂઢિઓ પૈકી જે ઉપયોગી થઈ શકે તેવી છે અથવા જેમાં જેમાં ટકી રહે તેવું કાંઈ તત્ત્વ છે તે બધીને એક પરમ કસોટીએ ચઢાવવામાં આવી રહી છે અને તેમ કરીને તેમને પુનર્જન્મ પામવાની એક તક આપવામાં આવી રહી છે. આજની દુનિયા મિડિયાના[૧] ઊકળતા તામડા જેવી થઈ ગઈ છે. બધી વસ્તુઓને તેમાં નાંખવામાં આવે છે, તોડીફોડીને છૂટી છૂટી કરી નાંખવામાં આવે છે. તેમની ઉપર અખતરાઓ કરવામાં આવે છે, પાછી જોડવામાં આવે છે, ફરી ફરીને જોડવામાં આવે છે. આને પરિણામે કાં તો એ બધી નાશ પામે છે અને બીજી નવીન રચનાઓ માટે મસાલો પૂરો પાડે છે અથવા તો એ પોતે જ કાયાકલ્પ પામીને નવજીવનનો અધિકાર પ્રાપ્ત કરે છે. ભારતીય યોગવિદ્યા એ પોતે, મૂળમાં તો, પ્રકૃતિની અમુક મહાન શક્તિઓનું કાર્ય અને કૃતિ છે; આજ સુધીમાં તેણે વિશિષ્ટ અને વિવિધ સ્વરૂપો લીધેલાં છે. માનવજાતના ભાવિ જીવન માટેનું શક્તિથી ભરેલું એ એક ગતિશીલ તત્ત્વ છે. યોગ તો અનંત યુગનું બાળક છે; અને તેનામાં પ્રાણ અને સત્ય હોવાને લીધે આજ સુધી ટકી રહેલ છે. આજ સુધી ભલે તેણે ગુપ્ત સંપ્રદાયો અને સન્યાસીઓની ગુફાઓમાં નિવાસ કર્યો હોય પણ હવે તે ત્યાંથી બહાર નીકળી રહ્યો છે અને માણસજાતના સમગ્ર જીવનમાં ઉપયોગી થવાને પોતાનું સ્થાન મેળવી રહ્યો છે. પણ તે પહેલાં તેણે પોતાની જાતને નવેસરથી તપાસી લેવી પડશે. ભારતીય યોગ પ્રકૃતિનો પ્રતિનિધિ છે; પ્રકૃતિ પોતે એક સત્ય પર ઊભેલી છે અને એક હેતુ સિદ્ધ કરવા સતત કાર્ય કરી રહી છે. આ સત્ય અને હેતુમાં ભારતીય યોગનું એક ખૂબ ઊંડું સ્થાન છે. આ સ્થાનને તેના ઊંડાણમાંથી બહાર લાવવાનું છે અને આ પ્રમાણે નવેસરથી આત્મજ્ઞાન પામીને અને પોતાનું સાચું મહત્ત્વ સમજીને તેણે એક નવો અને વિશાળ સમન્વય શોધી કાઢવાનો છે. યોગનો દાવો છે કે એ માણસને તેના જીવનનાં ગૂઢમાં ગૂઢ રહસ્યો અને ઉચ્ચમાં ઉચ્ચ શિખરો પ્રત્યે દોરે છે.

(યોગમાર્ગોનો સમન્વય, ગ્રંથ : ૧ : ૩-૪)

---

૧ મિડિયા એક ગ્રીક રાજકુમારી હતી. ભારે જાદુગરણી. ડોસાઓને જુવાન કરવાનો કિમિયો જાણે. તેમનાં અંગ કાપી કાપીને ઉકળતા તામડામાં નાખે. પરિણામે કાં તો ડોસો જુવાન બનીને બહાર નીકળે, કાં તો કાયમનો જાય.

–અનુવાદક

## રૂપાંતર અથવા વિઘટન માટેનું દબાણ

જીવન સમગ્રનો સ્વીકાર ખરો પણ જીવન સમગ્રનું રૂપાંતર તો અનિવાર્ય : સર્વ કાંઈને અતિમાનસિક પ્રકૃતિમાં વસતી આધ્યાત્મિક જાતનો એક ભાગ, એક આકાર, એક સંતોષકારક અભિવ્યક્તિ બનાવવાનાં છે. આ જ છે ભૌતિક જગતમાં આધ્યાત્મિક ઉત્ક્રાંતિની ઉચ્ચ અને શિખરરૂપ પ્રક્રિયા, અને જેમ, પ્રાણમય પશુમાંથી બુદ્ધિશાળી માણસ હયાતીમાં આવતાં જીવન સમૂળગું બદલાઈ ગયું; તેની મૂળગત ચેતના, ક્ષેત્ર અને અર્થ બદલાઈ ગયાં તે જ પ્રમાણે મનોમય બનેલ ભૌતિક માણસજાતમાંથી જડ તત્ત્વને કામમાં લેતી પણ તેને આધીન નહિ એવી આધ્યાત્મિક અને અતિમાનસિક જાતિ હયાતીમાં આવતાં જીવનનો તેમાં સ્વીકાર થવો જ જોઈએ અને તેના અત્યારના ખામીવાળા, અધૂરા, મર્યાદિત સ્વરૂપને બદલે બદલાએલી મૂળગત ચેતના, ક્ષેત્ર અને અર્થવાળું એક સમૂળગું નવું સ્વરૂપ હયાતીમાં આવવું જ જોઈએ. હાલના જીવનનાં જે જે રૂઢ સ્વરૂપો આ પરિવર્તનને ઝીલવા સમર્થ નહિ બને તેમણે વિદાય લેવી જ પડશે; જે સમર્થ હશે તે ટકશે અને પરમાત્માની પુણ્ય-ભૂમિમાં પ્રવેશ પામશે. એક દિવ્ય મહાશક્તિ કામ કરી રહી છેઃ શું કરવાનું છે કે શું નથી કરવાનું. શેનો કામચલાઉ અને શેનો કાયમી સ્વીકાર કરવાનો છે, કે શેને જરા બાજુ પર રાખવાનું છે અને શેને કાયમ માટે ફેંકી દેવાનું છે તે, તે પળે પળે નક્કી કરી રહી છે. જો આપણે આપણી ઇચ્છાઓ કે અહમ્‌ને તેને બદલે, કામે ના લગાડીએ (અને તે માટે આત્માએ સતત જાગ્રત અને તત્પર રહેવાનું છે, દિવ્ય દોરવણીને પ્રત્યુત્તર આપતા રહેવાનો છે અને અંદર કે બહારથી આવતી અવળી દોરવણીનો મક્કમ અસ્વીકાર કરતા રહેવાનો છે), તો આ મહાશક્તિ પૂરતી છે, એકલી હોવા છતાં સર્વશક્તિમાન છે, અને એવાં એવાં સાધનો દ્વારા અને એવા એવા રસ્તેથી આપણને સિદ્ધિના શિખરે એ પહોંચાડશે કે જેમની વિશાળતા, ઊંડાઈ, અદ્‌ભુતતા આપણા મનની સમજમાં પણ આવે તેમ નથી (તો પછી એ મન દોરી તો ક્યાંથી જ શકે?). રસ્તો છે તો મહેનતનો, મુશ્કેલીઓનો, અને ખતરાઓનો, પણ તેના સિવાય બીજો એક પણ રસ્તો છે જ નહિ.

મુશ્કેલીઓને હળવી કરવા માટે અને ખતરાઓનો સમાનો કરવા માટે બે નિયમ પાળવાના છે. અહમ્‌માંથી, પ્રાણની ઇચ્છાઓમાંથી, માત્ર મન અને તેની અસમર્થ તર્ક-શક્તિમાંથી, કે અજ્ઞાનના આ દૂતોને તાબે થનાર બીજા શેમાંયથી જે કાંઈ સૂચનો આવે તેનો આપણે અસ્વીકાર કરવાનો જ છે. અંતરાત્માના અવાજનો, ગુરુની દોરવણીનો, પ્રભુના હુકમનો, દિવ્ય મહાશક્તિનાં કાર્યનો સ્વીકાર અને અનુસરણ કરવાનાં જ છે. દેહની ઇચ્છાઓ અને નિર્બળતાઓને, અજ્ઞાનથી ડહોળાએલા પ્રાણની વાસનાઓ અને કામનાઓને. શાંતિ-હીન અને ઊર્ધ્વ જ્ઞાનના પ્રકાશ વિનાના અંગત મનના હુકમોને જે કોઈ વળગી રહેશે તેને હાથ નહિ લાગે સાચો આંતરિક ધર્મ; અને પોતાની દિવ્ય કૃતાર્થતાના માર્ગમાં તે ઊભા કર્યા કરશે માત્ર અંતરાયો; જે કોઈ અંધકારના આ સાગરીતોને ઓળખી કાઢી તેમનો ત્યાગ કરી શકશે અને અંતરમાં તેમ જ આસપાસ વસતા સાચા માર્ગદર્શકને ખોળી કાઢી તેનું અનુસરણ

કરી શકશે તેમને હાથ લાગશે આધ્યાત્મિક ધર્મ; અને તેઓ પ્રાપ્ત કરશે યોગનું પરમ ધ્યેય.
(યોગમાર્ગોનો સમન્વય, ગ્રંથ : ૧ : પૃ. ૨૧૬-૧૭)

## સમગ્રનું સામાન્ય આરોહણ

થોડાક સમય પૂર્વે માનવની આધ્યાત્મિક અભીપ્સા મૌન, નિષ્ક્રિય શાન્તિ તરફ વળી હતી. તે જગતની સર્વ વસ્તુઓથી વિમુખ, અનાસક્ત હતી. તે જીવનમાંથી ભાગી જવાની ભાગેડુ વૃત્તિ હતી, જેથી યુદ્ધમાંથી ઉગરી જવાય, પ્રયાસમાંથી છટકી જવાય તેવી એક આધ્યાત્મિક શાન્તિ હતી, જેમાં બધા બનાવ, સંઘર્ષ, પ્રયાસ બંધ પડી જતાં હતાં, સર્વ પ્રકારનાં દુઃખોનો અંત આવી જતો હતો. આને જ આધ્યાત્મિક અને દિવ્ય જીવનની સાચી અને એક માત્ર અભિવ્યક્તિ માનવામાં આવતી હતી. તેને ભગવાનની કૃપા, ભગવાનની મદદ, ભગવાનની દરમિયાનગીરી માનવામાં આવતી હતી. અત્યારે પણ, આ વ્યથાના બનાવના સંઘર્ષના યુગમાં પણ, આ પરમ શાન્તિ ખૂબ મદદ રૂપ બની શકે, માણસોને આશ્વાસન અને આશા આપી શકે. ઘણા લોકો હજી પણ તેને ભગવાનની કૃપા, ભગવાનની દરમિયાનગીરીનું ચિહ્ન માને છે.

હકીકતમાં માણસ ગમે તે સિદ્ધિ પ્રાપ્ત કરવા માગતો હોય, પણ આ પરિપૂર્ણ અને અપરિવર્તનીય શાન્તિની સ્થાપનાથી જ તેણે શરૂઆત કરવી પડશે; તે પાયા ઉપર તેણે કાર્ય કરવું પડશે. પણ જો માણસ અંગત, અહંતાપૂર્ણ, બીજી વસ્તુઓને બાકાત રાખનારી મુક્તિનું સ્વપ્ન સેવતો નહિ હોય, તો તે ત્યાં અટકી જઈ શકશે નહિ. ભગવાનની કૃપાની એક બીજી બાજુ છે, જે સર્વ વિઘ્નો ઉપર વિજય પ્રાપ્ત કરશે, માનવજાતિને નવીન સાક્ષાત્કાર માટે આવેગ આપશે, નવીન જગતનાં દ્વાર ખોલી નાંખશે અને દિવ્ય સાક્ષાત્કારનો લાભ થોડા પસંદ કરાયેલા માણસોને જ નહિ આપે, પણ તેમની અસર, તેમનું દૃષ્ટાંત, તેમની શક્તિ બાકીની માનવજાતિને પણ નવીન, વધારે સારી સ્થિતિમાં લાવી મૂકશે.

આ ભાવિમાં સાક્ષાત્કારના નવા માર્ગો ખોલી આપે છે, જેમની શક્યતાઓની આગાહી થઈ ચૂકી છે. તેમાં નવીન શક્તિઓ પ્રત્યે, સભાનતાપૂર્વક અથવા અભાનતાપૂર્વક, ખુલ્લા બનેલા માનવજાતિના સમગ્ર ભાગો ઉચ્ચતર, વધારે સંવાદમય, વધારે પરિપૂર્ણ જીવનમાં ઊર્ધ્વ ગતિ કરશે. જો વ્યક્તિગત રૂપાંતર હંમેશાં શક્ય નહિ હોય, અથવા તેને મંજૂરી નહિ અપાતી હોય, તો પણ એક પ્રકારનું જનસમૂહનું ઊર્ધ્વીકરણ થશે, સમગ્રની સંવાદમયતા સ્થપાશે, જેથી નવીન વ્યવસ્થા, નવીન સંવાદિતા સર્જાશે, અત્યારનાં અવ્યવસ્થા અને સંઘર્ષ અદૃશ્ય થશે અને તેમની જગ્યાએ એવી વ્યવસ્થા આવશે, જે સમગ્રના સંવાદમય કાર્યને છૂટ આપશે.

## અતિમાનસ અવતરણનાં અન્ય પરિણામો

એનાં બીજાં પરિણામો આવશે; જે જીવનમાં મનની દરમિયાનગીરીથી પેદા થયાં છે, તે વિકૃતિઓને, કદ્રુપતાને, જે વિકૃતિઓએ દુઃખો, કષ્ટ, નૈતિક દરિદ્રતા, અધમ જુગુપ્સાજનક

કષ્ટો પેદા કર્યાં છે અને જીવનને આટલું બધું ભયંકર બનાવી દીધું છે તે બધાંને તે દૂર કરશે. તેમણે અદૃશ્ય થઈ જવું જ જોઈએ. આ વસ્તુઓ માનવજીવનને પશુજીવન કરતાં પણ વધારે ખરાબ બનાવી મૂકે છે. બધું હોવા છતાં, પશુઓમાં સરળતા હોય છે, સ્વાભાવિક સ્વયંભૂપણું હોય છે, સંવાદિતા હોય છે. માનવજીવનમાં જેટલું હોય છે, તેટલું દુઃખ પશુજીવનમાં કષ્ટમય અને શુદ્ર નથી હોતું. માનવોમાં ખૂબ વિકૃતિ આવી ગયેલી છે, તેમણે પોતાની માનસિકતાનો ઉપયોગ માત્ર અહંતાપૂર્ણ જરૂરિયાતોની સેવામાં જ કર્યો હોય છે.

આપણે પ્રકાશમાં અને સંવાદિતામાં ઉપર ચઢવું જોઈએ, નહિ તો પછી પશુ જીવનની સરલતામાં, આરોગ્યપ્રદ અવિકૃતતામાં પાછા જવું જોઈએ.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૯ : પૃ. ૨૭૪-૨૭૬)

## સાક્ષાત્કાર -પ્રકટીકરણ

આપણે એ સારી રીતે સમજી શકીએ છીએ કે શારીરિક દુઃખ તેમ જ વિશ્વની સંપત્તિની અસમાન વહેંચણીનો ઉપાય કરી શકાય. એને માટે આર્થિક તથા સામાજિક નિરાકરણ દ્વારા આ વસ્તુઓનો ઉપાય કરી શકાય; પરંતુ આ દુઃખ, મનોમય દુઃખ, પ્રાણમય વિકૃતિ — આ વસ્તુઓને બદલી શકાતી નથી. એ વસ્તુઓ બદલાવા માગતી હોતી નથી. અને જે લોકો આ પ્રકારની માનવજાતિના ભાગરૂપ છે તેઓ તો પહેલેથી જ વિઘટનને પાત્ર ઠરી ચૂક્યા છે.

માનવજાતિનો એવો ભાગ, માનવ ચેતનાનો એવો અંશ, જે અતિમાનસ સાથે એકત્વ કેળવવા શક્તિમાન છે. અને એ રીતે પોતાને મુક્ત કરી શકે છે, એ ભાગ સંપૂર્ણપણે રૂપાંતર પામી જશે. એ ભાગ પોતાની ભવિષ્યની વાસ્તવિકતા પ્રતિ ગતિ કરી રહ્યો છે, જે વાસ્તવિક્તા હજુ સુધી બાહ્ય રૂપોમાં અભિવ્યક્ત થઈ નથી; એ ભાગ જે પ્રાણીની સરળતાની વધુ નજીક છે, પ્રકૃતિથી નજીક છે, એ ભાગને પ્રકૃતિ પુનઃ પોતામાં સમાવી લેશે અને ફરીથી એને પૂરેપૂરી રીતે આત્મસાત્ કરી લેશે. અને માનવચેતનાનો પેલો ભ્રષ્ટ ભાગ, પતિત ભાગ, જે પોતાના મનના ખોટા ઉપયોગ દ્વારા વિકૃતિને છૂટ આપે છે તેનો નાશ કરવામાં આવશે.

એ પ્રકારની માનવતા છે વંધ્ય પ્રયત્નના ભાગરૂપ અને એને ફેંકી દેવામાં આવશે, દૂર કરી દેવામાં આવશે. વિશ્વના ઇતિહાસમાં જે રીતે ઘણી બધી નિષ્ફળ પ્રજાતિઓ દૂર થઈ ગઈ છે એ મુજબ આ પ્રકારની માનવતા પણ દૂર થઈ જશે.

અમુક પયગમ્બરોને ભૂતકાળમાં આ પ્રકારનું સાક્ષાત્કારી દર્શન થયું હતું; પરંતુ સામાન્ય રીતે જેમ બનતું હોય છે તેમ વસ્તુઓ મિશ્રિત થઈ ગઈ હતી. અને એ પયગમ્બરોને પોતાના એ દર્શન સાથે અતિમાનસ જગતનું દર્શન પ્રાપ્ત થયું ન હતું. એ અતિમાનસ જગત આવિર્ભાવ પામીને માનવજાતિનો એ ભાગ જે સહમતિ આપે છે તેને ઉપર ઉઠાવીને આ ભૌતિક વિશ્વનું રૂપાંતર કરી આપશે એ દર્શન ભૂતકાળના પયગમ્બરોને થયું ન હતું. અલબત્ત, જેઓ માનવચેતનાના આ વિકૃત અંશ રૂપે જન્મ પામ્યા છે એમને આશા આપવા માટે શ્રદ્ધા

દ્વારા મુક્તિનો માર્ગ શીખવવામાં આવ્યો હતો. જડદ્રવ્યમાંના ઈશ્વરીય તત્ત્વના બલિદાનમાં જે લોકો શ્રદ્ધા ધરાવે છે તેમને અન્ય વિશ્વમાં આપોઆપ બચાવી લેવામાં આવશે. શ્રદ્ધા માત્ર, સમજશક્તિ નહિ, બુદ્ધિ પણ નહિ. તે લોકોએ કદાપિ અતિમાનસ વિશ્વનું દર્શન કર્યું નથી. જડદ્રવ્યમાંની અવક્રાંતિમાં ઈશ્વરે જે મહાન બલિદાન આપ્યું છે તેનું પણ તેમને દર્શન થયું નથી — અને આ અવક્રાંતિ જ જડદ્રવ્યમાં ઈશ્વરના પૂર્ણ પ્રકટીકરણ પ્રતિ જગતને દોરી જવાની છે.

(Conversation with a disciple : June 1958)

## અસુરનું પરિવર્તન અને વિઘટન

**માતાજી, એમ કહેવાય છે કે પ્રભુનું કાંઈક તત્ત્વ અસુરોમાં પણ હોય છે ?**

સ્વાભાવિક રીતે !

**તો પછી જ્યારે પ્રભુ અસુરોની સામે યુદ્ધ કરે છે, ત્યારે અસુરોમાં રહેલા પ્રભુ શું કરે છે ?**

તે પ્રભુ પ્રત્યે પાછા જાય છે. પરંતુ તમે વાત જાણો છો ? પ્રભુ તેને પોતાનામાં સમાવી લે છે. રામાયણમાં છે તેમ, તે વાત આ અર્થમાં તદ્દન સાચી છે.

**તો પછી જો પ્રભુ પોતાની જાતને પ્રભુમાં સંકેલી ન લે તો પછી રૂપાંતર આવી શકે જ નહીં ?**

તેનો અર્થ જ પ્રલય એ રૂપાંતર નથી, એ તો પૃથ્વીનું વિસર્જન છે. એમ કહેવાય છે કે, છ સર્જનો થયાં હતાં, એટલે કે વિશ્વની છ વખત ઉત્પત્તિ થયેલી અને છ વખત વિશ્વ પાછું ગયું — આ રીતની શાસ્ત્રોમાં તે વિશે ગણતરી થઈ છે તે તમે જાણો છો — વિશ્વ પ્રભુમાં પાછું સમાઈ ગયું. પરંતુ એમ કહેવાય છે કે આ તેનો અંત છે, એ એક અંત છે, પરંતુ તે તેની પૂર્ણાહુતિ નથી. એ એટલા માટે કે સર્જનમાં કાંઈક ખામી હતી, અને તેને સંકેલવાની જરૂર હતી અને ફરીને તેનું સર્જન કરવાનું હતું. અને એમ કહેવાય છે કે અત્યારનું સર્જન એ સાતમું સર્જન છે. અને સાતમું હોવાથી તે સાચું સર્જન છે, એટલે કે તે છેવટનું છે. અને ફરીથી પાછું સંકેલાશે નહીં, તે ચાલુ રહેશે. રૂપાંતરિત થઈને વધારેને વધારે પૂર્ણ બનીને, જેથી કરીને તે ફરીથી પાછું સંકેલાશે નહીં....

હાલના સર્જનનો ગુણધર્મ છે તે સમતુલા છે; એટલા માટે કહેવાય છે કે આ સર્જનમાં જો દરેક વસ્તુ પોતાની સાચી જગ્યામાં હોય, સંપૂર્ણ સમતામાં, તો કોઈ પ્રકારનું અનિષ્ટ હોય નહીં, અનિષ્ટ શું છે ? — જે સમતુલામાં ન હોય તે વસ્તુઓ ! કોઈ પણ વસ્તુ પોતાનામાં ખરાબ નથી, તેની જગ્યા ફક્ત ખોટી રીતની હોય છે, તે તેના સાચા સ્થાનમાં હોતી નથી.

**તો પછી અસુરોનું સ્થાન ક્યાં હોય છે ?**

તેમને પ્રભુમાં પાછા લઈ જવાના છે. ચાર મહાન અસુરો હતા. તે ચારેમાંના બેનું રૂપાંતર થઈ ગયેલું છે. અને તેઓ પ્રભુના કાર્યમાં ભાગ લે છે. બીજા બે હજુ સારી રીતે ટકી

રહેલા છે, તેઓ હજુ કેટલો લાંબો સમય ટકી રહેશે ? તે આપણે જોઈશું. તેથી તેમની પાસે બેમાંથી એકની પસંદગી હોય છે, રૂપાંતરિત થવું એટલે કે તેમનું પોતાનું સ્થાન સમગ્રતામાં પ્રાપ્ત કરવું, અને સ્થિર થવું, અથવા તો તેમણે ઓગળી જવું એટલે કે તેમના મૂળમાં પાછા સમાવવું.

તેમાંના એકે રૂપાંતર સાધવાનો પ્રયત્ન કર્યો અને તે સફળ થયો નહીં, જ્યારે રૂપાંતર થવાનું હતું ત્યારે તેને બહુ નાપસંદ પડ્યું અને એટલે તેણે બીજા સમય માટે તેને મુલતવી રાખ્યું.

બીજાના માટે તે પ્રયત્ન કરવા માટે ઇન્કાર કરે છે. તેણે ઘણું ઘણું અગત્યનું સ્થાન જગતમાં પ્રાપ્ત કર્યું છે. કારણ કે લોકો જેઓ વસ્તુઓને જાણતા નથી તેઓ તેને ''રાષ્ટ્રનો સ્વામી'' કહે છે. ખરી રીતે, થોડા સમય પહેલાં આ જગત ઉપર શાસન કરનારાં બળો વિશે હું વાતચીત કરતી હતી. અને તેઓને પોતાનું જગત ઉપરનું શાસન છોડી દેવાની ઇચ્છા નથી. તેઓ તે વસ્તુથી પૂરા સંતોષમાં છે — તેઓ જાણતા નથી કે એક દિવસ તેમનો અંત આવશે, પણ તેમ છતાં તેમનાથી જેટલું લાંબું બની શકે તેટલું તેઓ તેને મુલતવી રાખે છે.

પરંતુ તે લોકોને માનવ-દિશામાનો હોતાં નથી, તેઓ ઘણા લાંબા વખત સુધી પણ ચાલુ રહી શકે છે, રહી શકે ને ? જ્યાં સુધી આ પૃથ્વી ઉપરની કોઈ માનવચેતના તેમની અસરોને પ્રત્યુત્તર આપવા માટે તૈયાર જણાય ત્યાં સુધી તેઓ ટકી રહેશે. એટલે તમે આ પ્રશ્નની કલ્પના કરી શકો છો ? હવે તેઓ વ્યક્તિઓ મારફત નહીં પરંતુ રાષ્ટ્રો મારફત તેમની અસરનો પ્રભાવ અમલમાં મૂકે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૬ : પૃ. ૧૬૬-૧૬૮)

## અસુરોનું મૂળ અને તેમનો અંત

**તમે કહેલું કે ચાર દિવ્ય શક્તિઓ છે : પ્રેમ, પ્રકાશ, સત્ય અને મૃત્યુથી વિરુદ્ધનું.**

અને કઈ શક્તિ ?

**(બીજું બાળક હસતાં હસતાં) જીવન !**

આહ !

**પછી આ ચાર બળો પ્રભુમાંથી છૂટાં પડ્યાં અને જુઠાણામાં ફેરવાઈ ગયાં.**

હા, એ એવું જ કાંઈક છે ! તેવું જ કાંઈક છે !!

પ્રકાશ અથવા ચેતના, આનંદ અથવા પ્રેમ, જીવન અને સત્ય.

પછી પ્રકાશ અથવા ચેતના, અંધકાર અને અચિત્ થયાં. પ્રેમ અને આનંદ, ધિક્કાર અને દુઃખ થયાં અને સત્ય બન્યું જૂઠાણું, અને જીવન બન્યું મૃત્યુ. સારુ, પહેલાં બે.... પણ બરાબર તેવી જ પરિસ્થિતિમાં રહ્યાં નથી. પહેલું પલટાયું છે અને કાર્ય કરે છે. પણ તેણે માનવ-શરીર લેવાનો ઇન્કાર કર્યો છે. તે કહે છે કે તેના કાર્યમાં તે મર્યાદિત થઈ જાય છે; કોઈક દિવસ તે શરીર ધારણ કરશે પરંતુ અત્યાર પૂરતું તો તે ઇન્કાર કરે છે. બીજું પરિવર્તન

પામ્યું છે અને પોતાની જાતેજ ઓગળી ગયું છે, તેના પોતાના મૂળમાં તે ઓગળી ગયું છે અને છેલ્લાં બે હજુ બરાબર ટકી રહ્યાં છે.

મૃત્યુએ શરીર ધારણ કરવા પ્રયત્ન કર્યો પરંતુ તે પરિવર્તન પામી શક્યું નહીં. તેણે અવતાર ધારણ કરવા પ્રયત્ન કર્યો, જે બહુ વિરલ વસ્તુ છે. પરંતુ તે એક અંશતઃ અવતાર જ હતો, સંપૂર્ણ અવતાર નહીં. તેમનું પૂર્ણ સ્વરૂપ તેમના માટે બહુ મુશ્કેલ છે; માનવ-શરીરો તેમના માટે બહુ ટૂંકાં છે, માનવ-ચેતનાઓ તેમના માટે ઘણી નાની છે.

બીજાને માટે તેના પ્રાદુર્ભાવો થયેલા છે, જે કેટલાંક માનવ-શરીરોમાં ઘણા સક્રિય બનેલા છે અને પૃથ્વીના ઇતિહાસમાં તેમણે ઘણો મોટો ભાગ ભજવેલો છે.

**અસુરો પોતાની અંદરોઅંદર કલહ કરતા નથી ?**

ઓહ હા, ઓહ હા ! માણસો માફક જ તેઓ આસુરિક અસર નીચે હોય છે. તેઓ માંહોમાંહે, પોતાના જ ભયંકર દુશ્મનો હોય છે. આપણે એમ કહેવું જોઈએ કે તે આશીર્વાદરૂપ છે, કારણ કે જો તેઓમાં સમજ હોત, તો વસ્તુઓ વધારે મુશ્કેલ બની હોત. કદાચ એ એટલા માટે છે કે સમતુલાનો નિયમ આ જગતનું શાસન કરે છે. તે એટલા માટે છે જેથી તેમની અસરનું બળ ઓછું થઈ જાય.

જૂઠાણાના સ્વામીની ઘણી મહાન અસર છે. તમને જેમ ચેપી રોગો પકડમાં લઈ લે છે તે રીતે તે તમને પકડમાં લઈ લે છે. તેનાથી પણ વધારે મજબૂત રીતે !

**મધુર માતાજી, જૂઠાણાએ અવતાર ધારણ કરવા પ્રયત્ન ન કર્યો ?**

તેણે તેના પ્રાદુર્ભાવો પૃથ્વી ઉપર મોકલ્યા હતા. પરંતુ હું માનતી નથી કે રૂપાંતર સાધવાનો તેમનો હેતુ હોય, ગમે તે રીતે તે તેમાં સફળ થયું નથી.

**વિરોધી બળોના આકર્ષણ માટે માનવ શા માટે કેન્દ્ર બને છે ? તે તો આટલો બધો મર્યાદિત છે ?**

હા. તેઓ પણ ઘણે ભાગે એક માણસ ઉપર કાર્ય કરતા નથી. પરંતુ પૃથ્વીના વાતાવરણને કાબૂમાં લેવા પ્રયત્ન કરે છે. તમે સમજ્યાને ? અને માણસોને કાબૂમાં લીધા સિવાય પૃથ્વીના વાતાવરણને તેઓ પકડી શકે નહીં, કારણ કે માણસમાં જ સૌથી ઉચ્ચ પ્રકારની પાર્થિવ શક્તિઓ આવિર્ભાવ પામે છે. પરિવર્તન માટે માનવ-શરીર ધારણ કરવું એ ખરેખર ઘણું.... આનો જવાબ બહુ સહેલો છે. એ એટલા માટે છે કે માણસમાં એક ચૈત્ય પુરુષ છે અને કોઈ પણ અસુર તે ચૈત્ય પુરુષની અસરની સામે અનંત સમય સુધી ટકી શકતો નથી, ભલે પછી તે સમર્પણ કરવા માટે અને પોતાની જાતને બંધનમાં મૂકવા માટે ગમે તેટલો ઇન્કાર કરતો હોય. અને આ વસ્તુ તો તેમના અસ્તિત્વથી બિલકુલ વિરોધી વસ્તુ છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૬ : પૃ. ૧૬૮-૧૭૦)

## ધ્રુવીકરણના જગતનો અંત

**માતાજી, અત્યારના જગતમાં રાજકારણ બે શિબિરોમાં વહેંચાઈ ગયું છે : અમેરિકાનો અને રશિયાનો. તે બે વચ્ચે સમાધાન કેવી રીતે થશે ?**

ઓહ ! તે બહુ સહેલું છે. તેઓ સમજતા નથી કે તે બહુ સહેલું છે, અને તેથી જ હું કહું છું કે રાજકારણમાં પરિવર્તન છેલ્લું આવશે. આ વસ્તુઓ માત્ર ઉપરચોટિયા વિચારો, દેખાવો, અને સ્વાર્થો છે — સાચા સ્વાર્થો પણ નહિ, પોતાના સ્વાર્થો માટેના તે વિચારો માત્ર છે. પણ જો સાચો ઉકેલ જડે, કદાચ તે જડી ગયો છે, જો સાચો અર્થકારણી ઉકેલ લાગુ કરવામાં આવે તો તેમની સમસ્યાઓનો પાયો તૂટી પડે, પછી માત્ર રાજકારણી વલણ જ રહે, જે બહુ ઉપરછલ્લું છે, તે વલણ ઉપરછલ્લું છે, ઊંડું નહિ; તે માત્ર શબ્દો, પોકળ શબ્દો છે, જે પોકળ હોવાને કારણે ખૂબ અવાજ કરે છે. તે માત્ર મોટા શબ્દો જ છે. પણ તેમના વલણનો સાચો ટેકો મેં કહ્યું તેમ, બે વસ્તુઓ પ્રત્યેના તેમના વલણમાં છે, નાણાંકીય ટેકો અને અર્થકારણી ટેકો. જો અર્થકારણી સમસ્યાનો ઉકેલ આવી જાય, જો તે ઉકેલને લાગુ પાડવામાં આવે, તો આ રાજકારણી મતભેદોના ટેકાનો મોટો ભાગ અદૃશ્ય થઈ જાય. તેના પાયામાં માત્ર જીવનની સમસ્યાઓ તરફ તથા તેમની ઉકેલ તરફ જોવાનો પરસ્પર વિરોધી પ્રકાર છે. એક પક્ષ તેને એક પ્રકારે માને છે જ્યારે બીજો પક્ષ તેને બીજે પ્રકારે માને છે. હું ખૂબ સાચા દિલવાળા લોકોની વાત કરું છું, જેમણે ખૂબ અવાજ કરવા માટે અને પોતાની વગ ખૂબ વધારવા માટે શૂન્યમાંથી વસ્તુઓનું સર્જન કર્યું છે તેમની નહિ. પણ જો આપણે આ પ્રશ્નના મૂળમાં ઊંડા ઊતરીએ તો ઝાઝો મતભેદ નથી.

એવી સરકારો છે જે સામ્યવાદી હોવાનો ઢોંગ કરે છે, સામ્યવાદીઓ પેઠે કાર્ય કરવાનો એક પ્રકાર અજમાવે છે, તેઓ સામ્યવાદીઓ કરતાં પણ વધારે ખતરનાક રીત-રસમો અજમાવે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૭ : પૃ. ૩૦૮-૩૦૯)

**મધુર માતાજી, તમે કહ્યું છે કે અતિ-માનસ્‌નું અવતરણ પૃથ્વી પર થઈ ચૂક્યું છે. તેનો નિશ્ચિત અર્થ શો છે ? તમે એમ પણ કહ્યું છે કે જેમને વિશે વચન આપવામાં આવ્યું હતું તે વસ્તુઓ સિદ્ધ થઈ છે. આ વસ્તુઓ કયી છે ?[૧]**

ઓહ. તે સાચે જ અજ્ઞાન છે ! આનું વચન ઘણા-ઘણા સમય પહેલાં આપવામાં આવ્યું હતું — માત્ર અહીં જ નહિ, પૃથ્વીના પ્રારંભથી. અનેક પ્રકારના પયગંબરોએ અનેક પ્રકારની આગાહીઓ કરી છે. એમ કહેવામાં આવ્યું છે કે એક નવીન સ્વર્ગ, એક નવીન પૃથ્વી, એક

---

૧. ૨૯ મી ફેબ્રુઆરીના અતિ-માનસિક આવિર્ભાવની જાહેરાત માતાજીએ બે સંદેશાઓમાં કરી હતી, જે ૧૯૫૬ના એપ્રિલના બુલેટિનમાં પ્રસિદ્ધ થઈ ગયા છે :

''હે પ્રભુ, તમે સંકલ્પ કર્યો છે અને હું તેને કાર્યાન્વિત કરું છું. પૃથ્વી પર નવીન પ્રકાશ પ્રગટે છે, નવીન જગત જન્મે છે, જે વસ્તુઓ વિશે વચન આપવામાં આવ્યું હતું તે સિદ્ધ થઈ છે.''

નવીન જાતિ અસ્તિત્વમાં આવશે; જગતનું રૂપાંતર થશે.... બધી જ પરંપરાઓમાં પયગંબરોએ આને વિશે કથન કર્યું છે.

**તમે કહ્યું છે કે અપાયેલાં વચનો પરિપૂર્ણ થયાં છે.**

હા, એટલે ?

**નવીન જાતિ ક્યાં છે ?**

નવીન જાતિ ? થોડાંક હજારો વર્ષ સુધી રાહ જુઓ, અને તમે તે નવીન જાતિને જોઈ શકશો ! જ્યારે મનનું પૃથ્વી પર અવતરણ થયું, પૃથ્વીના વાતાવરણમાં મનનો આવિર્ભાવ થયો તે સમય અને પ્રથમ માનવનો ઉદય થયો તે સમયની વચ્ચે લગભગ દશ લાખ વર્ષોનો ગાળો હતો. હવે તે વધારે ઝડપથી બનશે, કારણ કે માનવ તેની અપેક્ષા રાખે છે. તેનામાં તે વિશે એક અનિશ્ચિત વિચાર છે; અમુક અર્થમાં માનવી અતિ-માનવના આગમનની અપેક્ષા રાખે છે, જ્યારે વાનરો ચોક્કસ માનવના જન્મની અપેક્ષા રાખતા ન હતા, તેમને તે બાબત વિચાર જ આવ્યો ન હતો, કારણ કે વાનરો ઝાઝો વિચાર કરી શકતા નથી. પણ માણસને તેનો વિચાર છે, તે તેની રાહ જોઈ રહ્યો છે, એટલે તે વધારે ઝડપથી આવશે. પણ હજી તેને હજારો વર્ષની વાર લાગશે. થોડાંક હજારો વર્ષો પછી આપણે તેને વિશે વાત કરીશું !

(મૌન)


જે લોકો અંદર તૈયાર છે, જેઓ ખુલ્લા છે, ઉચ્ચતર શક્તિઓ સાથે સંપર્કમાં છે, જેમને અતિ-માનસિક પ્રકાશ અને ચેતના સાથે થોડો-ઘણો સીધો સંપર્ક પ્રાપ્ત થયો છે તેમને પૃથ્વીના વાયુ-મંડળમાં તફાવત દેખાય છે.

પણ તેને માટે... સમાન વસ્તુ જ સમાન વસ્તુને જાણી શકે, માત્ર વ્યક્તિમાં રહેલી અતિ-માનસિક ચેતના જ પૃથ્વીના વાયુ-મંડળમાં કાર્ય કરી રહેલા અતિ-મનસ્‌ને જોઈ શકે. એક યા તો બીજે કારણે, જેમણે આ દર્શના વિકસાવી છે, તેઓ તેને જોઈ શકે છે. પણ જે લોકો આંતર અસ્તિત્વથી સભાન પણ નથી, પોતાનો આત્મ કેવો છે તે જરા પણ જાણતા હોતા નથી, તે લોકો પૃથ્વીના વાયુ-મંડળમાં આવેલા ફેરફારને જોવા હજી તૈયાર નથી. તે માટે હજી તેમને ઘણી પ્રગતિ કરવી પડશે. કારણ કે, જે લોકોની ચેતના વત્તા-ઓછા પ્રમાણમાં માત્ર બાહ્ય અસ્તિત્વમાં જ — માનસિક, પ્રાણિક, અને શારીરિક અસ્તિત્વમાં જ કેન્દ્રિત છે, તે લોકો જોઈ શકે તેટલા માટે વસ્તુઓને અસંભવિત અને અનપેક્ષિત માર્ગ અપનાવવો પડતો હોય છે. ત્યારે તે લોકો તે વસ્તુઓને ચમત્કારો કહેતા હોય છે.

પણ શક્તિઓ વચ્ચે પડીને સંયોગોમાં અને ચરિત્રોમાં પરિવર્તન કરતી હોય છે અને

---

''પૃથ્વી પર અતિ-માનસિકનો આવિર્ભાવ હવે એક આગાહી રહ્યો નથી, પણ જીવંત હકીકત, વાસ્તવિકતા બની ગયો છે. અહીં કાર્ય કરી રહ્યો છે, અને એક દિવસ આવશે, જ્યારે ખૂબ-ખૂબ અંધ; અચેતન, વધારે ઇચ્છા-વગરના માણસોને પણ તેનો સ્વીકાર કરવાની ફરજ પડશે.''



શ્રી માતાજી વર્ગ લે છે.

મહાન પરિણામો નીપજાવતી હોય છે, તેમના સતત બનતા ચમત્કારને લોકો ચમત્કાર કહેતા હોતા નથી, કારણ કે માત્ર આભાસ જ નજરે પડતો હોય છે, અને તેને લોકો તદ્દન સ્વાભાવિક માનતા હોય છે. પણ સાચી રીતે કહીએ તો, જો તમે બનતી નાનામાં નાની વસ્તુ વિશે પણ ગંભીરતાપૂર્વક વિચાર કરો, તો તમારે કબૂલ કરવું પડે કે તે ચમત્કારિક ઘટના છે.

તમે વસ્તુઓ પર ઊંડો વિચાર કરતા હોતા નથી, એટલે તમે તે જેવી હોય છે, જેને માટે હોય છે તેવી જ, પ્રશ્ન કર્યા સિવાય, સ્વીકારી લેતા હો છો. નહિ તો, રોજ રોજ એવા અસંખ્ય પ્રસંગો બનતા હોય છે, જેથી તમારે કહેવું પડે કે ખરેખર, આ તો બહુ જ આશ્ચર્યજનક છે ! તે કેવી રીતે બન્યું હશે ?

તદ્દન સાદી રીતે કહીએ તો, માણસને તદ્દન ઉપરછલ્લી રીતે જોવાની ટેવ પડી ગઈ હોય છે.


(શ્રી માતૃવાણી ગ્રંથ : ૮ : પૃ. ૧૧૭-૧૧૯)

*

**પ્રભુ પાસે તો સર્વ કાલ પડ્યો છે અને તેને હંમેશાં ઉતાવળ કરવાની જરૂર હોતી નથી. તેના ઉદ્દેશની અને સફળતાની તેને ખાતરી હોય છે અને પોતાના કાર્યને પૂર્ણતાની વધારે સમીપ લઈ જવા માટે હજાર વાર તેને ભાંગવું પડે તો તેની તેને દરકાર નથી. ધીરજ એ આપણો પ્રથમ મહાન આવશ્યક પાઠ છે, પરંતુ એ ધીરજ એટલે કાંઈ ભીરુ, સંશયાત્મા, શ્રાંત, આળસુ, મહેચ્છાહીન કે કાયરની પ્રગતિ કરવામાં મંદ શિથિલતા એમ સમજવાનું નથી; એ ધીરજ એટલે શાંત અને વર્ધમાન સામર્થ્યવાળી ધીરજ, જે સાવધાન રહે છે અને થોડા, પરંતુ ભાવિનો દિશાપલટો કરવા માટે પૂરતા, શીઘ્ર અને સમર્થ ફટકાઓ મારવાની તક માટે પોતાની જાતને તૈયાર કરે છે.**

**શ્રી અરવિન્દ**

(વિચારરત્નો અને જ્યોતિઝાંખી-પૃ.૨૦)



જ્યાં જ્યાં કોઈ મહાન અંત તને દેખાય ત્યાં ત્યાં મહાન આરંભની પણ તારે ખાત્રી રાખવી. જ્યાં જ્યાં કોઈ રાક્ષસી અને દુઃખદાયક વિનાશથી તારું મન હેબતાઈ જાય ત્યાં ત્યાં વિશાળ અને મહાન સર્જનની ખાતરી વડે તેને આશ્વાસન આપ. પ્રભુ કેવળ હૃદયમાં સંભળાતા શાંત અવાજમાં જ નથી; પરંતુ આગમાં અને ઝંઝાવાતમાં પણ તે રહ્યો છે.

વિનાશ જેટલો વધારે વ્યાપક તેટલી સર્જનની શક્યતાઓ પણ વધારે મુક્ત; પરંતુ ઘણી વખત વિનાશ દીર્ઘ, મંદ અને દુઃખપૂર્ણ હોય છે અને સર્જનનું આગમન અતિ મંદ ગતિવાળું, યા તો તેનો વિજય વિચ્છિન્ન હોય છે. ફરી ફરીને નિશા આવે છે અને દિવસ આવતાં વાર લગાડે છે, અથવા તો પોહ ફાટ્યાનો આભાસ થયો હતો એમ પણ લાગે છે, એથી નિરાશ થા નહિ, પરંતુ રાહ જો અને કામ કર. જેઓ તીવ્રતાભરી—ઉગ્ર—આશાઓ રાખે છે તેઓ નિરાશ પણ ઝપાટાબંધ થઈ જાય છે. આશા કે ભય ન રાખ, પરંતુ પ્રભુના હેતુ વિશે અને કાર્યસાધક તારી ઇચ્છાશક્તિમાં દૃઢ વિશ્વાસ રાખ.

પ્રભુ પોતાની સૃષ્ટિને આટલી સખ્ત રીતે હથોડાથી શા માટે ટીપે છે, શા માટે કણકની જેમ તેને ગૂંદે છે, મસળે છે, શા માટે તેને રુધિરમાં સ્નાન કરવા અને ભઠ્ઠીની લાલ ધગધગતી આગમાં ધકેલે છે ? કારણ કે, સામાન્ય માનવસમૂહ હજી સખ્ત, અપક્વ, અશુદ્ધ કાચી ધાતુ છે જેને બીજી કોઈ પણ રીતે ઓગાળીને આકાર આપી શકાય તેમ નથી. જેવું ઉપાદાન તેવી જ તેની રીત છે. માનવજાતિ પોતાનું વધારે ઉદાત્ત અને શુદ્ધતર ધાતુમાં રૂપાંતર કરવામાં મદદ કરશે તો તેની સાથેનો પ્રભુનો વ્યવહાર પણ તેટલો વધુ નરમ અને મધુરતર થશે અને તેના ઉપયોગો ઉચ્ચતર અને વધુ સુંદર થશે.

**શ્રી અરવિન્દ**

(વિચારરત્નો અને જ્યોતિઝાંખી : પૃ. ૧૯-૨૦)

# વૃત્ત વિશેષ

૨૯ સપ્ટેમ્બર, શ્રી અરવિન્દ નિવાસ પ્રાપ્તિ દિન નિમિત્તે સવારે ૧૦થી ૧૦-૩૦ તેમ જ સાંજે ૬-૦૦થી ૬-૩૦ દરમિયાન સમૂહ ધ્યાન અને રાત્રે ૭થી ૮ ભક્તિવંદનાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તિવંદનામાં નવી તથા જાણીતી રચનાઓની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. નવી રચનાઓનું સ્વરાંકન અને રજૂઆત શ્રીમતી અંગિરાબહેનના નિર્દેશન હેઠળ કરવામાં આવી. કાર્યક્રમનું સુચારુ સંચાલન શ્રી નીલકંઠભાઈ જોશીએ કર્યું હતું. ૨૯ સપ્ટેમ્બર, ૧૯૭૧ના દિવસે શ્રી અરવિન્દ નિવાસ, ગુજરાત સરકાર દ્વારા શ્રી અરવિન્દ સોસાયટીને સુપ્રત કરવામાં આવ્યું હતું. આમ ૨૯ સપ્ટેમ્બરનો દિવસ શ્રી અરવિન્દ નિવાસ પ્રાપ્તિ દિવસ તરીકે ઓળખાય છે. કાર્યક્રમો બાદ હાજર રહેલ સાધકગણને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. તા. ૧, ૭ને ૮ ઑક્ટોબરના રોજ સાંજે ૬-૦૦થી ૭-૩૦ દરમિયાન શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે શ્રી માતાજીના ગુજરાતી, સંસ્કૃત ગરબાઓ, શ્રી માતાજીની સ્તુતિ તેમ જ શ્રી માતાજી વિષયક શ્રી અરવિન્દનાં લખાણોના વાચનના કાર્યક્રમો યોજાયા હતા.

તા. ૫ને ૬ ઑક્ટોબરના રોજ સાંજે ૬-૩૦થી ૮-૦૦ દરમિયાન શ્રી શરદભાઈ જોશીએ શ્રી દુર્ગા સપ્તશતી (ચંડીપાઠ)ની કથા, એનું માહાત્મ્ય તથા રહસ્ય વિશે વક્તવ્યો રજૂ કર્યાં હતાં. આ પ્રસંગે શ્રી શરદભાઈએ એવી આશા વ્યક્ત કરી કે શ્રી અરવિન્દરચિત The Mother આગામી યુગનું શક્તિ ઉપાસનાનું શાસ્ત્ર બની રહેશે. (અહેવાલ : શ્રી કૈલાસ જોશી)

*

૬ સપ્ટેમ્બર, શિક્ષક દિન નિમિત્તે પંચશીલ હાઈસ્કૂલ લુણાવાડામાં યોજાયેલ કાર્યક્રમમાં શ્રી આર. ડી. પ્રજાપતિએ શ્રી અરવિન્દના કેળવણી વિષયક વિચારોની રજૂઆત કરી હતી. એ પ્રસંગે શાળાના ૩૦ વિદ્યાર્થીઓને શ્રી જ્યોતિબહેન થાનકી લિખિત પુસ્તિકાઓ (૧) અમને શ્રી અરવિન્દની વાત કહો તથા (૨) બાળકોનાં મધુર માતાજી વહેંચવામાં આવી હતી તથા શાળાના શ્રી અરવિન્દ સ્વાધ્યાય કેન્દ્ર સાથે સંલગ્ન ૨૦ જેટલા શિક્ષકોને 'પ્રભુ-અર્પણ' માસિક આપવામાં આવ્યું હતું.

## નવું પ્રકાશન

**સાવિત્રીશબ્દામૃત-૬ : મૂળ અંગ્રેજી લખાણ : શ્રી શ્રદ્ધાવાન. ગુજરાતી ભાવાનુવાદ : શ્રી કિરીટ ઠક્કર.** પ્રકાશક : યોગયુક્તા પ્રકાશન ઈ-૧૦૨, ચંદ્રનગર કૉલોની, સુવર્ણલક્ષ્મી ઍપાર્ટમેન્ટ પાસે, વાઘોડિયા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯. ફોન : (૦૨૬૫) ૨૫૧૦૦૩૮. Mob. : 09427540195 પૃષ્ઠ સંખ્યા : ૩૬૪+૨૦=૩૮૪ સારી ગુણવત્તાવાળા મેપલીથો કાગળ ઉપર ઉત્કૃષ્ટ છાપકામ. મૃખપૃષ્ઠ : આશ્રમ કળાકાર પ્રીતિ ઘોષનું સુંદર ચિત્ર ચાર રંગમાં. સુઘડ બાંધણી. મૂલ્ય રૂા. ૧૫૦/-. (શ્રી અરવિન્દ કેન્દ્રો અને શાખાઓને યોગ્ય વળતર.)

આ પુસ્તકમાં પર્વ ૪, ૫ ને ૬નો સંક્ષિપ્ત સાર તથા પર્વ ૭, - 'યોગનું પર્વ' – ના પ્રથમ ત્રણ સર્ગનું પ્રત્યેક પંક્તિનું પ્રકાશપૂર્ણ વિવરણ સમાવાયાં છે.

પર્વ ૭ - યોગના પર્વ – વિશે શ્રી શ્રદ્ધાવાનજી લખી જણાવે છે :

> 'મારો એ મત છે કે સાવિત્રી મહાકાવ્યનું આ પર્વ, પર્વ ૭ – યોગનું પર્વ – શ્રી અરવિન્દના પૂર્ણયોગ વિશે સમજ પ્રાપ્ત કરવા માટે અતિ મહત્ત્વનું પર્વ છે. કારણ, આ પર્વમાં ચૈત્યિક તેમ જ આધ્યાત્મિક સાક્ષાત્કારો અને એને અનુરૂપ પ્રકૃતિના રૂપાંતરનું જ માત્ર નહિ, પરંતુ એ રૂપાંતર જે પ્રક્રિયા દ્વારા સાવિત્રી સિદ્ધ કરી બતાવે છે એનું પણ વિગતપૂર્ણ વર્ણન શ્રી અરવિન્દે કર્યું છે.'


આમ શ્રી અરવિન્દના પૂર્ણયોગને સમજવા માગતા પ્રત્યેક અભીપ્સુ માટે આ પર્વ-૭નું – શ્રી શ્રદ્ધાવાનના પ્રકાશપૂર્ણ વિવરણ સહિતનું – વાચન અનિવાર્ય બની રહે છે.

પુસ્તકની પ્રસ્તાવનામાં શ્રી અરવિન્દના પૂર્ણયોગની નિષ્ઠાવાન સાધિકા, વિદૂષી શ્રી જ્યોતિબહેને શ્રી શ્રદ્ધાવાન તથા શ્રી શ્રદ્ધાવાને કરેલા સાવિત્રીની પંક્તિઓના પ્રકાશપૂર્ણ વિવરણ વિશે આ મુજબ લખી જણાવ્યું છે :

> 'આપણા સદ્‌ભાગ્યે ઈ.સ. ૧૯૭૦થી શ્રી અરવિન્દ આશ્રમ, પૉંડિચેરીમાં આવીને અંતેવાસી બની ગયેલાં એની માર્ગારિટ કે જેમને શ્રી માતાજીએ શ્રદ્ધાવાન નામ આપ્યું છે તેઓ સાવિત્રીનો પ્રકાશ લઈને આપણી સમક્ષ આવ્યાં છે.... અંગ્રેજી, ફ્રૅન્ચ, લૅટિન ભાષાની વિદૂષી, કવયિત્રી શ્રી શ્રદ્ધાવાનજીએ કરેલા 'સાવિત્રી'ના ગહન અધ્યયનનો નિચોડ સાવિત્રીભવનમાં દર ગુરુવારે ચાલી રહેલા એમના 'સાવિત્રી'ના વર્ગમાં 'The English of Savitri' દ્વારા પ્રાપ્ત થયો છે. સાવિત્રીને સમજવા ઉત્સુક અભીપ્સુઓના નાના વર્ગમાં શ્રદ્ધાવાનજી દ્વારા જે ભાષ્ય પ્રગટ થાય છે, તે જાણે એક નાના વર્ગમાં વેદકાળની કોઈ ઋષિકા નવા દિવ્ય જગતનાં રહસ્યોને પ્રગટ કરતી ન હોય ! જાણે 'સાવિત્રી-ઉપનિષદ-ભાષ્ય' રચાયે જતું હોય એવું અનુભવાય છે. આ ભાષ્ય ફક્ત સાધકોને કે શ્રી અરવિન્દ દર્શનના અભ્યાસીઓને જ નહીં, પણ સામાન્ય વ્યક્તિઓને પણ સાવિત્રી સમજવામાં સહાયરૂપ બને છે. ગૂઢ, રહસ્યમય અને અઘરી જણાતી કાવ્યપંક્તિઓના છેક મૂળમાં જઈને તેનું સ્પષ્ટીકરણ શ્રદ્ધાવાનજી આપે છે, આથી જટિલ કાવ્યપંક્તિઓ પણ સરળ બની જાય છે. શ્રી અરવિન્દે પ્રયોજેલા અઘરા શબ્દોના છેક મૂળમાં જઈને તેઓ સંદર્ભો સાથે જે સમજૂતી આપે છે તેથી શબ્દો જાણે આપણી સમક્ષ તેમનું રહસ્ય પ્રગટ કરવા લાગે છે.'

પુસ્તકપ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરો.

શ્રી અરવિન્દાયન, કપડવણજ મુકામે શરદપૂર્ણિમાના દિવસે શ્રી અરવિન્દ-દિવ્યાંશ સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. વર્ષ ૧૯૮૫માં પૂ.શ્રી ચંપકલાલજીના વરદ્ હસ્તે આ જ દિવસે દિવ્યાંશ સ્થાપના કેન્દ્રમાં કરવામાં આવી હતી. કાર્યક્રમનો આરંભ પ્રાર્થના અને ધ્યાનથી થયો. પ્રાર્થનાગાન શ્રીમતી પૂર્ણિમાબહેન ડી. શાહે કર્યું. આ પ્રસંગે સ્વ. નૂતનબહેન પરીખ સ્મૃતિ વ્યાખ્યાનમાળાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાનનો વિષય હતો : 'શ્રી અરવિન્દનો રાષ્ટ્રપ્રેમ અને વિશ્વપ્રેમ'. વક્તા હતા ડૉ. પુષ્પાબહેન ભટ્ટ. વક્તાનું પુષ્પગુચ્છથી સ્વાગત થયા બાદ એમનો સવિસ્તર પરિચય ડૉ. કૌશલકુમાર વર્માએ આપ્યો હતો. ડૉ. પુષ્પાબહેન ભટ્ટે પોતાના વક્તવ્યમાં શ્રી અરવિન્દની પ્રખર રાષ્ટ્રભક્તિ અને એમના વિશ્વપ્રેમ વિશે લંબાણપૂર્વક રજૂઆત કરી હતી. યુવાનોમાં રાષ્ટ્રભક્તિ જાગ્રત થાય એ માટે શ્રી અરવિન્દે કરેલો ભગીરથ પ્રયાસ તેમ જ એ અંગેની એમની કૃતિઓ વિશે તેમ જ રાષ્ટ્રપ્રેમ વિશ્વપ્રેમમાં કઈ રીતે પરિણમે છે એની ઉદાહરણો સહિત રજૂઆત પ્રૉ. પુષ્પાબહેને કરી હતી. વક્તવ્ય બાદ દુર્ગાસ્તોત્રનું ગાન શ્રી રાજેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટે કર્યું. કાર્યક્રમના પ્રારંભે શ્રી અરવિન્દાયનના અધ્યક્ષ શ્રી તખ્તસિંહજી ઝાલાએ સર્વે મહેમાનોને આવકાર્યા હતા. કાર્યક્રમ બાદ'પ્રસાદ'ની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. ભાગ લેનાર સર્વે સાધકોએ શ્રી અરવિન્દાયનમાં દિવ્ય આંદોલનોની અનુભૂતિ કરી.



શ્રી અરવિન્દાયન, કપડવણજ

*

શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, ૬૩, યશકમલ સોસાયટી, અમદાવાદના રજતજયંતી વર્ષ નિમિત્તે તા. ૨-૦૯-૧૫થી તા. ૨-૦૯-૨૦૧૬ સુધી અનેકવિધ સાધનાલક્ષી કાર્યક્રમોનાં આયોજનો કરવામાં આવ્યાં હતાં. સપ્ટેમ્બર માસની ૨ને ૩ તારીખના રોજ રજતજયંતીની પૂર્ણાહુતિ પ્રસંગે શ્રી આનંદ રેડ્ડીનાં બે વક્તવ્યો યોજાયાં હતાં. શ્રી રેડ્ડીએ 'શ્રી માતાજીની કાર્યશૈલી' વિષય ઉપર મનનીય રજૂઆત કરી હતી. તા. ૩ સપ્ટેમ્બરની સાંજે શ્રી આનંદ રેડ્ડીના જાહેર વ્યાખ્યાનનું આયોજન અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશનના ઉપક્રમે કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાનનો વિષય હતો. 'O Man, Manage Thyself !' કેન્દ્ર દ્વારા રજતજયંતી પ્રસંગે શ્રી હુતાને શ્રી માતાજીએ સ્વહસ્તે લખીને આપેલા સંદેશાઓ સમાવતી ફોટો-ફ્રેમ સર્વે સાધકો-સભ્યોને ભેટ આપવામાં આવી હતી.

*(અહેવાલ : શ્રી યોગેશ થાનકી)*

## રૂપાંતરનો સમય આવી પહોંચ્યો છે.

આપણે એવા યુગમાં પ્રવેશ કરીએ છીએ જેમાં વસ્તુઓને જુદી રીતે ગોઠવવી પડશે. તેને લઈને આ સમય મુશ્કેલીનો સમય છે. શું બની આવશે તે આપણે જાણતા હોવાથી આપણે તેને ઝડપથી અને ઓછા ઘોંઘાટથી બનવા માટે મદદ કરી શકીએ. પાછા ફરવાનો કોઈ અર્થ નથી; તેનાથી તો વસ્તુઓ અનંત રીતે ચાલ્યા કરશે. આપણે તો આગળ ચાલવાનું છે, બિલકુલ આગળ અને પક્ષથી પર જવાનું છે અને કોઈ પણ વ્યક્તિ શ્રી અરવિન્દ કરતાં આ સારી રીતે સમજાવી નહિ શકે. કારણ કે તેઓ એટલા બધા, એટલા બધા પક્ષોથી પર હતા. તેમણે પક્ષોના ફાયદા અને ગેરફાયદાઓ જોયેલા અને તેઓ તે વસ્તુને બરાબર કહી બતાવતા.

તમે જો તેમણે લખેલું બરાબર ચીવટપૂર્વક વાંચો – એટલે બધું – તો તમે આ બધા પ્રશ્નોના ઉત્તરો શોધી શકશો અને તે જ સમયે તમે જાણશો કે તેમને દિવ્ય શક્તિનો પૂર્ણ ટેકો છે. તેમની પાછળ જે શક્તિ હતી તે આ રૂપાંતરની પાછળ કાર્ય કરી રહી છે. હવે રૂપાંતરનો સમય આવી પહોંચ્યો છે. આપણે ભૂતકાળને વળગેલા ન રહી શકીએ.

રાજકારણથી પર રહેવાનો ઉત્તમ માર્ગ શ્રી અરવિન્દના સંદેશનો પ્રસાર કરવાનો છે, કારણ કે તેઓ સત્તાભિલાષી રાજકારણી નથી; તેમના આદર્શો એ આદર્શો છે અને એટલું ચોક્કસ કે જો લોકો તેમનો કાર્યક્રમ સમજે અને અમલમાં મૂકે તો દેશ ઘણો મજબૂત બને, ઘણો મજબૂત.

જે લોકો તેમનું શિક્ષણ સમજે છે તેઓ સંગઠન માટેનું અને તેનો પ્રસાર કરવાનું કાર્ય ઉપાડી લે.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૫ : ૩૫૩)

(વર્ષ ૦૨ : અંક ૧૨)
RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/2015-2017

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

**Published and Printed by Shri Sharadchandra M. Joshi,**
**on behalf of Sri Aurobindo Society, Vadodara**
**Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.**
**Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.**
**Editor : Shri Kiritkumar Indravadan Thakkar.**